# ૧૧
# દરિયા

ગઝલસંગ્રહ

## મનહર મોદી

રન્નાદે પ્રકાશન

MANHAR MODI
AGIYAR DARIYA

A collection of Gujarati Ghazals written by
Manhar Modi

RANNADE PRAKASHAN, AHMEDABAD - 380001
1997

© સુહાસિની મનહર મોદી

**પ્રથમ આવૃત્તિ :** ઑક્ટોબર, ૧૯૮૭
**બીજી આવૃત્તિ :** ઑક્ટોબર, ૧૯૯૭
**આવરણ :** નિર્મલ સરતેજા

●

**ટાઇપસેટિંગ**
ચાણક્ય ગ્રાફિક્સ
ટી-૫, આકાર કૉમ્પ્લેક્સ, અમદાવાદ-૩૮૦ ૦૧૪
ફોન : ૬૫૬૩૯૫૬

●

**મુદ્રક**
શિવકૃપા ઑફસેટ
દૂધેશ્વર, અમદાવાદ

**પ્રકાશક**
હંમેશ મનહર મોદી
રન્નાદે પ્રકાશન
૫૮/૨, બીજે માળ, દેરાસર સામે
ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧
ફોન : ૨૧૧૦૦૮૧ (ઑ.), ૬૭૪૬૩૬૫ (ઘર)

**મૂલ્ય**
રૂ. ૭૨-૦૦

ભાવની
સુહાસિનીની વહાલી વહાલી દીકરી
**સુહાસિની**
ભાવનીની પ્યારી પ્યારી મમ્મી
ગજીબા
જેનાં હાલરડાંની હલક હજી મારા કાનમાં ગુંજે છે તે મારી બા
માટે



# અમારી નોંધ

ખરા છે મારા પપ્પા કવિશ્રી મનહર મોદી. એ લખે તો લખે અને છપાવે તો છપાવે. આ વખતે તો મેં કહ્યું, નહીં લખો અને નહીં છપાવો તો તમારી સાથે કિટ્ટા.
**ભાવની**

મારા મિસ્ટર કવિશ્રી મનહર મોદી દસકાઓ પછી વળી પાછા અસલી મૂડમાં આવી ગયા છે. મેં કહ્યું, દહીંનો ઘોડો છૂટ્મૂટ્. હા, કવિતા લખો અને છપાવો તો...
**સુહાસિની**

ગુજરાતી સાહિત્યક્ષેત્રે તાજા અને નવીન આવિષ્કારોને પ્રાગટ્ય અર્થે ખાસ્સો લાંબો સમય રાહ જોવી પડે છે, ક્યારેક દસકાઓ પણ પસાર થઈ જાય છે. આપણે ત્યાંની સાહિત્યિક રુચિ મુખ્યત્વે કરીને ચીલાચાલુ નવલકથાના વાચન સુધી જ વિસ્તરી છે. તેથી સાહિત્યિક રુચિસંપન્ન સર્જક-પ્રકાશકોની આ ક્ષેત્ર તીવ્રતાપૂર્વક રાહ જોઈ રહ્યું જણાય છે. આવે સમયે અમને પ્રકાશક થવાની ઈચ્છા થઈ અને પરિણામે પ્રગટે છે **સર્જક-સપ્તક.** આ સપ્તકનો એક તાર તે કવિશ્રી મનહર મોદીનો ગઝલસંગ્રહ 'અગિયાર દરિયા'. કવિશ્રીની સર્જકપ્રતિભાનો પાસ આ ગઝલોને કેવોક તો લાગ્યો છે એ વિશે વિવેચકો અને વિશેષ તો રસિક વાચકો જ કહેશે એ ઠીક ગણાશે.

આભાર.

લિ.
**જયેશ**
**હંમેશ મોદી**
રન્નાદે પ્રકાશન વતી

# હું ને મારી વર્કશૉપ

હું ને મારી વર્કશૉપ ! ખરાં છે બેય ! આ જુઓ ને, અઢી દાયકાથીયે અધિક સમય દરમ્યાન કામ કર્યું તે આટલું. અગિયાર દરિયામાં છે તેટલી ગઝલો અને મુક્તકો; એ ખરું કે આ સિવાયનું કેટલુંક ખોવાઈ ગયું છે, કેટલુંક ધોવાઈ ગયું છે અને બાકીનું કેટલુંક કદાચ મારાથી જ આડુંઅવળું થઈ ગયું છે.

આમ છતાં 'અગિયાર દરિયા'માં છે તે રચનાઓની પ્રક્રિયા દરમ્યાન મેં મને મોજથી અનુભવ્યો છે.

હું ગઝલ લખતો થયો ત્યારે આપણા સાહિત્યમાં એ સ્વરૂપ બિચારું હતું. આજે આ સંગ્રહ પ્રગટ થાય છે ત્યારે સામયિકોમાં પ્રગટ થતી અને મુશાયરાઓમાં રજૂ થતી ધોધમાર નિમ્નકક્ષાની ગઝલોને કારણે આ સ્વરૂપ વિડમ્બનાને પાત્ર બન્યું છે, એટલું જ નહીં, આ સ્વરૂપમાં કામ કરતા કોઈ પ્રતિભાસંપન્ન સર્જક ગઝલકારને પણ, ક્યારેક, પોતે ખોટું ક્ષેત્ર પસંદ નથી કર્યું ને ? —એવો લઘુભાવ અનુભવાય તો આશ્ચર્ય નહીં !

હું, મારા પૂરતું એમ જરૂર કહીશ કે આ સ્વરૂપમાં કામ કરવાની અર્થાત્ એ દ્વારા મને પામવાની હંમેશાં મજા પડી છે. બે પંક્તિના શેરમાં સમાઈ જતું ગઝલનું રૂપ દરિયાના દરિયા ઉછાળી શકે છે એમ હું દૃઢપણે માનું છું.

મને, મારામાંના માણસને, અભિવ્યક્ત કરવા અને એ દ્વારા પામવા કેવળ માણસની સૃષ્ટિ, એણે સર્જેલી ભાષા અને એની વ્યવસ્થા, તથા એણે કેળવેલી સમજ પૂરતાં નથી પડતાં. અને તેથી જ મારી જરૂરિયાત પ્રમાણે મારી રચનાઓમાં પશુ, પંખી, છીંક, શિયાળો, ઉનાળો, ઊંઘ, છાયા, પ્રકાશ વગેરે નવા નવા સંદર્ભો તથા મૂડ સાથે આવે છે. વ્યાકરણે આપેલાં નામ, સર્વનામ, ક્રિયાપદ, વિશેષણ, અવ્યય વગેરે એકબીજાનાં રૂપો પામવા મથે છે અથવા એમનાં સંયોજનથી સધાતાં કશાંક તૃતીયમ્ ભણી ગતિ કરે છે. બોલચાલની લોકભાષા પ્રત્યે મને સતત આકર્ષણ રહ્યું છે. પ્રચલિત શબ્દો ભાવો કહેવતોને મારી રીતે પામવાનું અને રચવાનું મને ખૂબ ખૂબ ગમે છે. વિધવિધ કલ્પનો, પ્રતીકો, પ્રતિરૂપો તથા એમનાં ક્યારેક વિચિત્ર લાગે તેવાં સંયોજનો મારી સૃષ્ટિમાં લાક્ષણિક શબ્દચિત્રો રૂપે હચનચલન કરે તો જ 'હાશ' અનુભવાય છે.

મને, મારી ભાષા, નવી ભાષા સર્જવામાં અતિ અતિ આનંદ મળતો રહે છે.



મારી રચનાઓમાં કોઈ કોઈ વ્યક્તિઓને કદાચ ઉભડકપણું કે કશુંક અધ્ધરિયું દેખાય તો ક્ષમા કરે ! પણ ત્યાંય હું એના ભીતરને સખળડખળ કરતી કૉમ્પ્લેક્સિટી અને તે દ્વારા સર્જાતા સંકુલ મનોભાવો પ્રત્યે આંગળી ચીંધીશ.

હું તો એટલું જ કહીશ કે ગુજરાતી ગઝલસાહિત્યમાં લાંબા સમય સુધી સાચવી રાખવા જેટલા બેચાર શેર પણ મારાથી રચાયા કે કેમ ? એમ હોય તો હું ને મારી વર્કશૉપ ધન ધન !

આવું આવું ઘણું ઘણું લખું એમ થાય છે, પણ....મારામાંનો ક્રિયેટિવ કીડો આઘોપાછો સળવળાટ કરે છે, એથી બે મિનિટનો 'પૉઝ.'

આ દરમ્યાન બે શેર થયા છે તે આપની સમક્ષ રજૂ કરું છું :

**વિસ્તરેલું રણ અને રેતી રહો**
**ચાલવું, બસ ચાલવું એવું કહો**

**લાખ આંખો એમાં તરતી હોય છે**
**એક ઝરણું એટલું સુંદર વહો**

આખી ગઝલ પૂરી કરી આ પછીના સંગ્રહમાં ફરી મળવાનું વચન આપું છું.

**ઑક્ટોબર, ૧૯૯૭** **મનહર મોદી**

# બીજી આવૃત્તિપ્રસંગે

૧૧ દરિયાની બીજી આવૃત્તિ દસે વરસે પ્રગટ થાય છે, એ માટે હું જ જવાબદાર છું.

૧૧ દરિયાની ગઝલોનાં જેટલાં પાનાં છે તેનાથી વધારે પાનાંમાં તેનાં ભરપૂર વખાણ પ્રસરેલાં છે. એ બદલ ગુજરાતી ગઝલસાહિત્યના રસિક આસ્વાદકોનો આભાર માનું છું.

મનહર મોદી કેવો ગઝલકાર છે ?
મનહર મોદીની ગઝલોને 'ગઝલો' કહેવાય ?

આ પ્રશ્નો વારંવાર ઊઠ્યા છે.
અને એમ જ શાંત પડી ગયા છે.

આપણા મૂર્ધન્ય વિવેચક સદ્‌ગત વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ મારી ખૂબ જ નોંધપાત્ર એક ગઝલનો એક શેર એમના 'આજકાલ' રચાતાં 'કાવ્યો' વિશેના વિવેચનલેખમાં મારા નામનો ઉલ્લેખ કર્યા વગર ટાંક્યો હતોઃ

**બધી બારીઓ થાય છે બંધ ત્યારે**
**ઊઠે છે ને ઘરમાં ફરે છે અગાસી**

આ શેરનું વિવરણ કરતાં એમને આ શેર 'ઢંગ-ધડા' વગરનો, 'મોં-મોથા' રહિત અને વાહિયાત લાગ્યો હતો.

ત્રીસ-પાંત્રીસ વરસ પહેલાંનો એક પ્રસંગ યાદ આવે છે. એ વખતે



અમારો 'રે મઠ' ધમધોકાર ચાલતો હતો. લાભશંકરે રાયપુર ચકલામાં ઊભે ઊભે આદિલ મન્સૂરીને સવાલ કર્યોઃ આ(મનહર મોદી)ની ગઝલો વિશે તમારો શો અભિપ્રાય છે ? આદિલે એની તોફાની મસ્તીથી ધડાક્ લેતોક જવાબ આપ્યો : ગુજરાતી ગઝલસાહિત્યનો આ (મનહર મોદી) આપણો પહેલો ઍબ્સર્ડ ગઝલકાર છે અને કદાચ છેલ્લો પણ. આવી ગઝલો બીજું કોઈ લખી શકશે કે કેમ એ કહી શકાય એમ નથી. એમની આ વાતને સ્પષ્ટ કરતાં એમણે મારી 'અગાસી' રદીફી ગઝલ આગળ કરી હતી.

મારી 'કૂકડો' રદીફી ગઝલ સાંભળીને પ્રથમ કક્ષાના કેટલાય પ્રસિદ્ધ શાયરોના નાકનાં ટેરવાં ઊંચે ચડી ગયાં હતાં ! - એમ કે આવી તે ગઝલ હોતી હશે ?

હવે પછી, આખું ગુજરાત જાણે છે કે આ ગઝલ, ગુજરાતી ગઝલસાહિત્યનો, ખુશનુમા પહેલો પહોર છે.

'ગઝલ' વિશે ખાસ કડક અભિપ્રાય ધરાવતા મારા મુરબ્બી અને મિત્ર કવિ સ્વ. પ્રિયકાન્ત મણિયાર આ ગઝલથી એટલા પ્રભાવિત થયા હતા કે એમણે 'કૂકડા' વિશે બે સુંદર છંદોબદ્ધ કાવ્યો રચ્યાં. મને એ સંભળાવ્યાં, અને કહ્યુંઃ 'આ તારા 'કૂકડા'ના પ્રતાપે.' મુરબ્બી કવિ શ્રી મકરંદ દવેએ ૧૧ દરિયાનો 'આસ્વાદ' કરાવ્યો હતો એનાથી ધન્ય છું. ગુજરાતી ગઝલને આવી રીતે, આ અગાઉ કોઈએ આસ્વાદી નથી, નથી, નથી. એમના આ આસ્વાદ વિશે મુરબ્બી કવિ શ્રી સુરેશ દલાલે મને મુંબઈમાં એસ.એન.ડી.ટી.ના એમના બેઠકખંડમાં જણાવ્યું હતુંઃ ''મનહર, મકરંદભાઈનો આ આસ્વાદ 'જ્ઞાનપીઠ એવૉર્ડ' કરતાં પણ અધિક છે.''

શ્રી રઘુવીર ચૌધરી ક્યાંક બોલ્યાનું સ્મરણ છેઃ ''મનહરની 'અવાજો' ગઝલ તથા રાજેન્દ્ર શુક્લની છંદોબદ્ધ રચના 'અવાજ' એક સાથે વાંચવા-માણવા જેવી છે.''

સદ્‌ગત સુરેશ જોષીએ 'અવાજો' તથા 'પથારીમાં' ગઝલોને શુદ્ધ

કવિતા ગણીને એમના મૅગેઝીનમાં રાજી થઈને છાપી હતી.

મારી ગઝલો વિશે આવું આવું ઘણું ઘણું છે.

મારા વિશે, ૧૧ દરિયાની ગઝલો વિશે, ઘણા મુરબ્બીઓ, મિત્રો, મારી માફક આજે પણ રાજીના રેડ છે, એમ કહી અહીં અટકું.

'૧૧ દરિયા'ની પ્રથમ આવૃત્તિ પહેલા વરસે જ 'આઉટ ઑફ પ્રિન્ટ' થઈ ગઈ હતી, બીજી આવૃત્તિની આજ દિન સુધી ડિમાન્ડ હતી, પણ એક યા બીજા કારણસર એને ઠેલતો રહ્યો. ખાસ, તો એમાં સુધારા-વધારા કરવાની દાનત મુખ્ય હતી. 'ઈમ્પ્રોવાઈઝેશન' એ મારો શોખ અને વળી કેમેય દૂર કરી ન શકાય એવો મજબૂત 'હિસ્સો' છે.

અત્યારે બીજી આવૃત્તિ પ્રગટ થાય છે ત્યારે મારી એ દાનત પૂરેપૂરી બર આવી છે, એમ કહી શકીશ નહીં. અલબત્ત થોડાઘણા સુધારા-વધારા છે. રસિકો અહીં આપેલા વર્ઝનને હાલ પૂરતું આખરી ગણે એવી વિનંતી.

આ આવૃત્તિ પ્રગટ કરવામાં ચાલક બળ, પહેલી આવૃત્તિની જેમ જ, મારાં અત્યંત વહાલાં બાળકો છે. એમનો પ્રતિનિધિ, રન્નાદે પ્રકાશનનો માલિક, ચિ. હંમેશ મનહર મોદી આ આવૃત્તિનો આનંદ અને ઉમળકો બંને એકસાથે છે.

ગુજરાતી ગઝલને વંદન.

**લિ.**
**મનહર મોદી**
વીસ ઑક્ટોબર ઓગણીસસો સત્તાણુ



# લઘુ પરિશિષ્ટ

**રચના ૧ :** હું અને તું એકલાં અર્થાત્ ૧ ૧. હું અને તું નજીક, તદ્દન નજીક, અડોઅડ અર્થાત્ આપણે, અર્થાત્ ૧૧. હું અર્થાત્ અમે અમારાં વગેરે. તું અર્થાત્ તમે તમારાં વગેરે. હું અને તું અર્થાત્ 'આપણે' આટલાં નજીક હોય તો 'વાતચીત' શક્ય બને. આ વાતચીત બહારથી ઉપર ઉપરથી સાદી સીધી સરળ, પણ એનો મર્મસંકેત ગહન વિશાળ ઊંડો હોય. અહીં એક ૧નું કશું જ મહત્ત્વ નથી. એટલી હદે કે એ છે જ નહીં એમ કહેવાય. અહીં બે ૧૧નું જ મહત્ત્વ છે ને તેથી ૧૧ સાદા સરળ સીધા ગહન વિશાળ ઊંડા દરિયા. આ ગઝલની રદીફ તેથી જ 'અગિયાર' દરિયા છે.

**રચના ૨ :** અહીં રામ, સીતા, જટાયુ, રાવણ, મદ, અભિમાન, લોક, સત, રામાયણ વગેરે વિશેનો આજનો, મારો સંદર્ભ છે.

**રચના ૪ :** 'ધડ ધડ' રદીફ અવાજ, ગતિ અને છિન્ન થતી જતી પરિસ્થિતિ સૂચવે છે. માણસ વસ્તુ બની જાય છે, અને તે પણ ભયંકર, ત્યારે એ પોતાને અને જગત આખાને ઉપર-તળે કરી નાખે છે એની આ 'વાત' છે.

બીજો શેર ગંભીર પરિસ્થિતિ નિર્દેશે છે. પહેલી અને બીજી પંક્તિ વચ્ચે અર્થાત્ આ શેરની અંદર ઘણી બધી ભીષણ પરિસ્થિતિની 'ધડ ધડ' છે.

ત્રીજો શેર એની બીજી પંક્તિ વિનાનો, અર્થાત્ અધૂરો છે. એ એની શોધમાં હોય તેમ એનાં રિ-બાઉન્ડ કે રિપીટિશન્સ છે.

પહેલો અને ચોથો શેર સ્પષ્ટ છે.

આ ગઝલ ૪ શેરની uneven છે. એને ખંડિત ગઝલ, પૂંછડિયા ગઝલ, ધૂમકેતુ ગઝલ કે આખ્યાન-ધર્મી ગઝલ કહીશું?

**રચના ૧૦ :** અહીં નગર, નાક અને મન ઝળહળ વિશેષણથી જોડાઈ એક

નહીં, પણ ચાર રદીફો સાથે આવે છે. આખી ગઝલ મેઘધનુષના સાત રંગોના અનુભવની નહીં, પણ કેલાઈડોસ્કોપ દ્વારા રચાતા જતા અનેક અર્થાકારોની લીલા નિર્દેશે છે. અહીં 'અનર્થ'નો 'અર્થ' અનુભવવાનો છે.

**રચના ૧૩ :** છેલ્લા શેરમાં 'અધીરાઈ'નો તાગ નવા માપદંડથી કાઢવાનો પ્રયાસ છે. અહીં 'સવા ફૂટ'નો સાદો અને સીધો અર્થ નજીવું કે તુચ્છ થાય છે; પણ એનો વ્યાપ કેટલે દૂર સુધીનો છે, એની અસર કેટલી ઊંડી છે, એ શેરની ચોટ દ્વારા અનુભવવાનું છે.

**રચના ૨૩ :** છેલ્લી પંક્તિ એક શેરની ગરજ સારે છે એમ કહેવા કરતાં એ આખીય ગઝલને નવું પરિમાણ બક્ષે છે એમ કહેવું વધુ યોગ્ય લેખાશે. અહીં છપાયું છે તે રીતે તો ખરું જ, પણ ઉપરના શેર પછીની ફૂદડી કાઢી નાખીને પાંચ સેકન્ડનો એક 'પૉઝ' લઈને આ પંક્તિને અર્થાત્ આ શેરને વાંચવાથી જુદા જ અર્થસંદર્ભો રચાય છે એમ મારો અનુભવ છે.

**રચના ૩૩ :** પણે–થી––થી પણેથી––થી––પણે––થી : આ પંક્તિ થી–થી–થી–થી–થી શબ્દ અને લયને overlap કરતી નવાં સંયોજન સાધતી ક્રિયેટિવ નેસેસિટીનું ઉદાહરણ છે.

**રચના ૩૪ :** અહંહં, ઉલૂલૂલૂ, રરરરા, આ, ખા, જા વગેરે.

**૩૫ :** ભાવ-સંદર્ભવિશેષ 'HE', કર્તા બને છે તેવું આલેખન છે.

**રચના ૪૪ :** 'માણસ મિજાજ મોર' તે તો સમજ્યા, 'આણસ ઈજાજ ઓર' એ શું ? એવો પ્રશ્ન જેમને થાય તેમને કહેવાનું કે આ ક્રિયેટિવ પ્રોસેસનો મામલો છે. અહીં શબ્દને નહીં, શબ્દ દ્વારા નવા શબ્દ ભણી સહજ રીતે જતા ભાવને કેવળ 'સમજવાનો' નહીં, 'અનુભવવાનો' છે, પામવાનો છે. અહીં 'અર્થ'માંથી 'અનર્થ' ભણીનો ચેતોવિસ્તાર છે.

**રચના ૪૭ :** કાફિયા-સાંકળીની મત્લા–ગઝલ છે.

**રચના ૫૪ :** શબ્દો અને અર્થો એકબીજાના સંદર્ભમાં સંદર્ભાઇ જે છે તે 'સૃષ્ટિ'ને નવા રંગ-રૂપે પુનઃ સર્જવાનો પ્રયત્ન કરે છે.



## ક્રમ


| | પૃષ્ઠ | | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. અગિયાર દરિયા... | ૩ | ૩૧. પોતાને જોઇ... | ૩૫ |
| ૨. અયોધ્યામાં... | ૫ | ૩૨. કશુંક એવું બન્યું... | ૩૬ |
| ૩. શિયાળામાં... | ૬ | ૩૩. સતતની સ્પર્શરેખા... | ૩૯ |
| ૪. એક માણસ... | ૭ | ૩૪. અહંહં... | ૪૦ |
| ૫. અડધો ઊંઘે... | ૮ | ૩૫. જુએ છે કોણ... | ૪૧ |
| ૬. પ્રકાશનો.... | ૯ | ૩૬. ઝાંખો અવાજ... | ૪૨ |
| ૭. સ્વપ્ન આંખોમાં... | ૧૦ | ૩૭. ભૂલા પડ્યા... | ૪૩ |
| ૮. એમનું કેવું ગજું... | ૧૧ | ૩૮. ઘણાં ઘર... | ૪૪ |
| ૯. દૃશ્યો છે... | ૧૨ | ૩૯. ખૂબ ઊંચે... | ૪૫ |
| ૧૦. નગર નાક... | ૧૩ | ૪૦. દૃશ્ય દરવાજો... | ૪૬ |
| ૧૧. દો અઁખિયાં... | ૧૪ | ૪૧. હવાને જોઉં છું... | ૪૭ |
| ૧૨. મેં પીધું... | ૧૬ | ૪૨. હું મને... | ૪૮ |
| ૧૩. નદીને... | ૧૭ | ૪૩. હતું ઊંઘમાં... | ૪૯ |
| ૧૪. ગબડતી ક્ષણોને... | ૧૮ | ૪૪. માણસ મિજાજ... | ૫૦ |
| ૧૫. હવાથી... | ૧૯ | ૪૫. એક રસ્તો... | ૫૨ |
| ૧૬. કશું હોય ના... | ૨૦ | ૪૬. એ અહીં છે... | ૫૩ |
| ૧૭. આંખોનો દરિયો... | ૨૧ | ૪૭. ખૂબ પીડે છે... | ૫૪ |
| ૧૮. છે શબ્દોય... | ૨૨ | ૪૮. આ તરફથી... | ૫૫ |
| ૧૯. ઘણું પામ્યો... | ૨૩ | ૪૯. હું પડ્યો... | ૫૬ |
| ૨૦. કાનલાંબી... | ૨૪ | ૫૦. નર્યો પથ્થર... | ૫૭ |
| ૨૧. પાણીનું ટપકવાનું... | ૨૫ | ૫૧. બધી આંખો... | ૫૮ |
| ૨૨. કહે છે... | ૨૬ | ૫૨. આગળ પાછળ... | ૫૯ |
| ૨૩. સમય તો... | ૨૭ | ૫૩. ત્યારે હતો તે હું... | ૬૦ |
| ૨૪. એક કે બે પળ... | ૨૮ | ૫૪. અગાસી... | ૬૩ |
| ૨૫. ખૂબ ઊંડાણ... | ૨૯ | ૫૫. ખરબચડા... | ૬૪ |
| ૨૬. ઈચ્છાનું તોરણ... | ૩૦ | ૫૬. અવાજો... | ૬૫ |
| ૨૭. ગયાં વર્ષો... | ૩૧ | ૫૭. ઊંઘ... | ૬૭ |
| ૨૮. હજારો વર્ષમાં... | ૩૨ | ૫૮. ઘાસમાં... | ૬૯ |
| ૨૯. અજાણ્યાં બનીને... | ૩૩ | ૫૯. વૃક્ષમાં... | ૭૧ |
| ૩૦. શબ્દને ઝોકું... | ૩૪ | ૬૦. પહાડમાં... | ૭૨ |

| | પૃષ્ઠ |
|---|---|
| ૬૧. મિત્રોને મિત્રતાથી... | ૭૩ |
| ૬૨. પોલાં શરીર... | ૭૪ |
| ૬૩. રડતી રહી છે... | ૭૫ |
| ૬૪. આમ તો અશ્રુ... | ૭૬ |
| ૬૫. જરા ખારાશ... | ૭૭ |
| ૬૬. તારો ચહેરો... | ૭૮ |
| ૬૭. મને ચાહ્યા કરે છે... | ૭૯ |
| ૬૮. શોધ્યા કરે છે... | ૮૦ |
| ૬૯. તારા વિશે... | ૮૧ |
| ૭૦. વીતી ગઈ છે... | ૮૨ |
| ૭૧. આંખો ખૂલી તો... | ૮૩ |
| ૭૨. મળી થોડીક ખુશબો... | ૮૪ |
| ૭૩. આંખથી આંસુ... | ૮૫ |
| ૭૪. પ્રભુ !... | ૮૬ |
| ૭૫. દુઃખના પ્રસંગ... | ૮૭ |
| ૭૬. ઝાકળનું નાનું બિંદુ... | ૮૮ |
| ૭૭. આ કેવી આંખ... | ૮૯ |
| ૭૮. નથી હોતું કશું... | ૯૦ |
| ૭૯. હું ચાલું તો... | ૯૧ |
| ૮૦. ઝાકળની આંખમાં... | ૯૨ |
| ૮૧. આ અનુભવ... | ૯૩ |
| ૮૨. હલેસાંઓ... | ૯૪ |
| ૮૩. ઉદાસીનું ટોળું | ૯૫ |
| ૮૪. નળિયું... | ૯૬ |
| ૮૫. પથારીમાં... | ૯૭ |
| ૮૬. મારો પરિચય... | ૧૦૩ |

| | પૃષ્ઠ |
|---|---|
| ૮૭. પ્રણયની કબર... | ૧૦૪ |
| ૮૮. જીવી શકું હું... | ૧૦૫ |
| ૮૯. મિત્રો મળ્યા કે... | ૧૦૬ |
| ૯૦. બધાયે પથ્થરો... | ૧૦૭ |
| ૯૧. સમજણ.... | ૧૦૮ |
| ૯૨. દુખો એવી રીતે... | ૧૦૯ |
| ૯૩. તમે બોલો નહીં... | ૧૧૦ |
| ૯૪. મારું ઘર... | ૧૧૧ |
| ૯૫. કૂકડો... | ૧૧૨ |
| ૯૬. સડક... | ૧૧૩ |
| 1. આપને જોયાં... | ૧૧૭ |
| 2. નેણ ઢાળીને... | ૧૧૭ |
| 3. આપનું નામ... | ૧૧૮ |
| 4. આપ આવ્યાં'તાં... | ૧૧૮ |
| 5. દિલ તમોને... | ૧૧૯ |
| 6. કશીક રાત... | ૧૧૯ |
| 7. 'આવજો'... | ૧૨૦ |
| 8. હે ચરણ !... | ૧૨૦ |
| 9. મારી સામે... | ૧૨૧ |
| 10. દોર આપું... | ૧૨૧ |
| 11. નથી અસ્તિત્વ... | ૧૨૨ |
| 12. એક તારો... | ૧૨૨ |
| 13. કહી શકતો... | ૧૨૩ |
| 14. અહીં જુઓ... | ૧૨૩ |
| 15. મને હું... | ૧૨૪ |




## ઘાત

બને તો એમને કહેજો કે ખુશબો ધ્યાનમાં રાખે
બગીચામાં બધાં ફૂલોની હમણાં ઘાત ચાલે છે

## ફોટો ?

પ્રશ્નો થયા'તા એક દિવસ અંધકારને
પાડી શકાય કઇ રીતે ફોટો પ્રકાશનો ?



## કાચના ટુકડાઓ

મૌન શું છે ? જિંદગી શું ? પ્રેમ શું ?
કાચના ટુકડાઓ અઢળક ઊછળે

## માલમિલકત

ગુર્જરી ગઝલો વિનાની પાંગળી ફિક્કી હજો ના
લો લખી લો માલમિલકત આપણા અગિયાર દરિયા



ગઝલ એટલે ૧૦૦ મીટરની દોડ.
૨૦૦ મીટરની દોડ, ૪૦૦ મીટરની દોડ,
૮૦૦ મીટરની દોડ કરતાં એનું
ડિસ્ટન્સ ટૂંકું તેથી જ પહોંચવું અઘરું.
એના ચૅમ્પિયનમાં ઝડપ ટાઈમિંગ ફૂટિંગ સ્ફૂર્તિ એક્યુરસીનું માપ આગવું.

**મનહર મોદી**

# ૧૧ દરિયા

●

મનહર મોદી

# ૧૯૮૩ થી ૧૯૮૫
# ગઝલો

## ૧

આપણે બે એ રીતે ભેગા થયા અગિયાર દરિયા
એક ટીપું લાગણી છે સામટા અગિયાર દરિયા

એકથી તે દસ સુધી ગણવું ઘણું અઘરું પડે છે
સાવ સહેલી વાતમાં બેઠા થયા અગિયાર દરિયા

આંખમાંથી એ વહે છે કેમ છો એવું કહે છે
સાંભળે જો એક જણ તો દોડતા અગિયાર દરિયા

ફૂલ પહેરી રોજ રાત્રે એક સપનું એમ ડોલે
ઊંઘમાં આકાશ ઓઢી જાગતા અગિયાર દરિયા

બંધ દરવાજા બધે છે, બારીઓ કેવળ વસે છે
હું અને તું હોઈએ ના ? પૂછતા અગિયાર દરિયા

આગમાંથી બાગમાંથી રાગમાંથી તાગમાંથી
લાગમાંથી ભાગમાંથી ક્યાં જતા અગિયાર દરિયા ?

કૂદીએ તો બૂડીએ તો ઊગીએ તો ઓઢીએ તો
આથમે તો ઓગળે તો કેમના અગિયાર દરિયા ?



શબ્દનું તો સાવ એવું પાતળી પડપૂછ જેવું
સાંભળે છે કોઈ અમથું ક્યાં ગયા અગિયાર દરિયા ?

એ ખરું કે એમને આવા કદી જોયા જ ક્યાં છે ?
આજ કેવા ઊછળે છે બોલકા અગિયાર દરિયા !

તે છતાં મારો સમય એમાં જ ઊગે આથમે છે
જોકે પોતાના નથી કે પારકા અગિયાર દરિયા

ગુર્જરી ગઝલો વિનાની પાંગળી ફિક્કી હજો ના
લો લખી લો માલમિલકત આપણા અગિયાર દરિયા

૧૫-૯-'૮૫

## ૨

અયોધ્યામાં હતો એક રામ, કોઈ ઊંઘમાં બોલ્યું
અહીં સીતા વસે શું કામ, કોઈ ઊંઘમાં બોલ્યું

સમય છે તો ઊડી લઈએ જટાયુ કે ફટાયુ શું ?
કદી દક્ષિણ કદી છે વામ, કોઈ ઊંઘમાં બોલ્યું

ગણ્યાં વૃક્ષો ? નથી ! ઘુવડ ? નથી ! ચીબરી ? બિલાડો? ના!
બધે અંધાર કાળું નામ, કોઈ ઊંઘમાં બોલ્યું

ઘણી ડંખીલી ભાષાડી જ કરવતને વહેરે છે
અને હોઠે તો સીતા-રામ, કોઈ ઊંઘમાં બોલ્યું

ઘણું અઘરું હતું કે આટલાં માથાં લઈ જીવ્યો
અને એનો કરુણ અંજામ ? કોઈ ઊંઘમાં બોલ્યું

હકીકતથી કશે છેટે રહ્યાં તો પારખાં સતનાં
થયાં થોડાં વધુ બદનામ, કોઈ ઊંઘમાં બોલ્યું

હતા ચારે દિશામાં રામ, કોઈ ઊંઘમાં બોલ્યું
ગયા યુગનું જટાયુ નામ, કોઈ ઊંઘમાં બોલ્યું

૧૭-૧૨-'૮૫



## ૩

શિયાળામાં ઉનાળાલાલ એનું નામ અમથાલાલ
ઉનાળામાં શિયાળાદાસ એનું નામ અમથાલાલ

સવારે રોજ પોતાને બગીચામાં ઉગાડે છે
અને સંધ્યા થતાં કરમાય એનું નામ અમથાલાલ

અહો ! આ છીંક અફલાતૂન છે આચ્છી કરી લઈએ
ઘણું મોટ્ટું કરે છે કામ એનું અમથાલાલ

સ્ટુપિડ છે એક રીતે ને બીજી રીતે સવાયા છે
નવી રેતી ને નોખું વ્હાણ એનું નામ અમથાલાલ

જટાયુ હોય તો ઊડે, જુએ, સીમા વટાવે પણ
કદી દક્ષિણ કદી છે વામ એનું નામ અમથાલાલ

લખે છે કાવ્ય એનું દોસ્ત લઘરાજી ઘણી વેળા
અને વાંચે છે ઓચ્છવલાલ એનું નામ અમથાલાલ

શિયાળામાં ઉનાળાદાસ એનું નામ અમથાલાલ
ઉનાળામાં શિયાળાદાસ એનું નામ અમથાલાલ

૧૩-૧૦'૮૫

## ૪

એક માણસ ઊછળે ધડ ધડ
એક દુનિયા હચમચે ધડ ધડ

એક માણસ ઊછળે ધડ ધડ
એક પરપોટો ફૂટે ... ...
એક અંગારો ઊડે ... ...
એક ઓશીકું બળે ... ...
એક વાદળ ગડગડે ... ...
એક તારો થરથરે ... ...
એક પર્વત લડખડે ... ...
એક પૃથ્વી ભડભડે ... ...
ને બધું ઉપર-તળે ધડ ધડ

એક માણસ ઊછળે ધડ ધડ

એક માણસ ઊછળે ધડ ધડ

એક માણસ ઊછળે ધડ ધડ

કોઈ પણ જે સાંભળે ધડ ધડ
એના લાખ્ખો ભવ ટળે ધડ ધડ

૧૬-૧૨-૮૫



## ૫

અડધો ઊંઘે અડધો જાગે
એ માણસ મારામાં લાગે

એ જ વિચારો કાયમ આવે
એકાદોયે કાંટો વાગે

આ પડછાયો તે પડછાયો
અહીંથી ત્યાંથી ક્યાં ક્યાં ભાગે !

બાર બગાસાં મારી મૂડી
ગણું નહીં તો કેવું લાગે ?

આ ઘર તે ઘર ઘરમાંયે ઘર
માણસ માણસ માણસ માગે

એક મીંડું અંદર બેઠું છે
એ આખી દુનિયાને તાગે

હું ક્યાં ? હું ક્યાં ? શબ્દ પૂછે છે
અર્થો કહે છે : આગે આગે

૧૯-૧૨-’૮૫

## ૬

ભૂલી ગયો છું નામ હવે અંધકારનું
વેઠું છું રોજ એટલો બોજો પ્રકાશનો

એણે મને કહ્યું અને મેં સાંભળ્યું એ બસ
બીજું કશું જે હોય તે લોચો પ્રકાશનો

એના દિવસ ખરાબ હશે, આજકાલ તો
રસ્તે રઝળતો હોય છે ઓળો પ્રકાશનો

પ્રશ્નો થયા'તા એક દિવસ અંધકારને
પાડી શકાય કઇ રીતે ફોટો પ્રકાશનો ?

માનું છું બંધ આંખ હવે ખૂલશે નહીં
વાગી ગયો છે એમને ઝોકો પ્રકાશનો

૧૧-૫-'૮૫



## ૭

સ્વપ્ન આંખોમાં અચાનક ઊછળે
આપણે બે - એની છાલક ઊછળે

મૌન શું છે ? જિંદગી શું ? પ્રેમ શું ?
કાચના ટુકડાઓ અઢળક ઊછળે

ભૂલ થઇ છે એમ બોલાઈ જતું
કોઇ જ્યારે મારી માફક ઊછળે

છે સમય દરવાજો મારી રાતનો
ને સવારે એની રકઝક ઊછળે

આટલી સુંદર ગઝલ કોણે લખી ?
મારી અંદર એક ભાવક ઊછળે

૨૨-૬-'૮૫

## ૮

એક અંધારું હતું
તે પછી બીજું થયું

સાંજમાં ને રાતમાં
બે દીવાલોમાં વસું

ઘર હતું તે ના રહ્યું
ક્હી શકું છું એટલું

એક અંધારું હતું
એ કહે, હું બહુ ગમું

એક અંધારું કહે
એટલું બસ હું કહું

૪-૮-'૮૫



## ૯

દશ્યો છે એની પાછળ બારી ઉદાસ ચહેરો
અંદર-બહાર ખળભળ બારી ઉદાસ ચહેરો

ઈશ્વરના ભાર જેવું ઊંઘે છે એક સપનું
અટક્યું છે એક વાદળ બારી ઉદાસ ચહેરો

એને જગાડવાનું સદ્‌ભાગ્ય હોય ક્યાંથી ?
આરામમાં છે પળપળ બારી ઉદાસ ચહેરો

તારી દિશામાં મારી ચારે દિશા મળે છે
બોલે છે ખૂબ સાંભળ બારી ઉદાસ ચહેરો

અમથામાં એ ઊગે છે આછામાં એ બૂડે છે
કોઈ ઉકેલો ઝળહળ બારી ઉદાસ ચહેરો

દેખાય તો ઘણું છે સમજાય તો બધું છે
પહેલી સવાર ઝાકળ બારી ઉદાસ ચહેરો

ટેકો છે ટાંકણી છે બસની ટિકિટ કૅન્સલ
વહેતો અવાજ ખળખળ બારી ઉદાસ ચહેરો

૧૭-૯-'૮૫

## ૧૦

વિચારમાં રસ્તાની વચ્ચે નગર નાક ઝળહળ મન
ઊભાં રહ્યાં છે ભરબપ્પોરે નગર નાક ઝળહળ મન

હતો દિવસ ને એક છોકરી-પરી ? નહીં હોં ! છરી
કશું જુએ ને કશું સાંભળે નગર નાક ઝળહળ મન

ઊડે ધૂળ ચપટી તો સમજ્યા પથ્થર પણ બે વાગે
ખબર પડે ના ઊગે આથમે નગર નાક ઝળહળ મન

મને કરે છે અંદર મારી ચારે બાજુ સળિયા
અને વૃક્ષમાં અલટેપલટે નગર નાક ઝળહળ મન

ઘણી વખત તો મને ભીંજવે રસ્તે શબ્દે મહેકે
પછી વળી પોતે પણ પલળે નગર નાક ઝળહળ મન

હવા હથેલી બાબત બીડી બાકસ ખળખળ ભડભડ
બળ્યા કરે તો ઠર્યા કરે છે નગર નાક ઝળહળ મન

દિવસ હોય કે રાત બધુંયે આગળ આગળ દોડે
બરફઊજળો સમય ઓગળે નગર નાક ઝળહળ મન

૩૦-૯-૮૫



## ૧૧

દો અઁખિયાં તગતગતી સરકી
દીવાલમાંથી દીવાલમાંથી દીવાલમાંથી
ને અમને ખુલ્લામાં વળગી
દીવાલમાંથી દીવાલમાંથી દીવાલમાંથી

હોય સમય તો એને પૂછીએ
બંધન ફંધન ક્યા હોતા હૈ ?
ઘડિયાળો ગજવામાં ખખડી
દીવાલમાંથી દીવાલમાંથી દીવાલમાંથી

ચપટી લોકો ચપટી મૃગજળ
ચપટી છાપાં ફિર ક્યા હોગા ?
હું શું જાણું મેરી બિગડી
દીવાલમાંથી દીવાલમાંથી દીવાલમાંથી

લો આ તમને બારીમાંથી
ઘરમાં મૂક્યા પલંગ પૂજ્યા
ખરી થઈ છે અમથી અમથી
દીવાલમાંથી દીવાલમાંથી દીવાલમાંથી

મને અમસ્તો ઊભો રાખી
ખાલી ખોટો બાંધી રાખી
પાણીપોચી ઈચ્છા ઊઘડી
દીવાલમાંથી દીવાલમાંથી દીવાલમાંથી

વચ્ચે વચ્ચે વૃક્ષ ઉગાડ્યાં
ડુંગર ખોદ્યા નદીઓ નાથી

ખરું કરે છે અગડી બગડી
દીવાલમાંથી દીવાલમાંથી દીવાલમાંથી

રોજ સવારે ઊંધે માથે
આખી દુનિયા એને ભાળે
આડોડાઈ એવી તો પ્રગટી
દીવાલમાંથી દીવાલમાંથી દીવાલમાંથી

બધે ઢૂંઢીએ અને પૂછીએ
નાક વગરની અક્કલ ક્યાં છે ?
હમણાંથી તમણાંથી તતડી
દીવાલમાંથી દીવાલમાંથી દીવાલમાંથી

આંસુ લૂછે અડધો દરિયો
અડધો દરિયો વાદળ બાંધે
મેં બોલું છું અપને મનકી
દીવાલમાંથી દીવાલમાંથી દીવાલમાંથી

અહીં ઊભા છીં એક ટકાના
છટાક છોલ્યા દરવાજામાં
હસી રહી છે અગલી પિછલી
દીવાલમાંથી દીવાલમાંથી દીવાલમાંથી

ગઝલ કહો કે ભજન કહો
યે બાત અતિશીં સુંદર ભાખીં
અમીં ગાંઠની દીવાલ સરજી
દીવાલમાંથી દીવાલમાંથી દીવાલમાંથી

૭-૧૦-'૮૫



## ૧૨

મેં પીધું ને તેં ઢોળ્યું
હું ને તું ઉત્તર, દખ્ખણ

અજવાળું અજવાળું છે
ઓળખીએ ઊછળતી ક્ષણ

અધવચ્ચે કાપ્યો રસ્તો
પૂછું તો શું પૂછું પણ ?

લાગે છે સાદી સીધી
પણ ઊંડી ઊતરે છે ક્ષણ

એક અગાસી એમ જ છે
ને એમાં ઊભેલું જણ

૨૯-૨-'૮૩

## ૧૩

નદીને હાથમાં લઈને ઉછાળું
બધી સુક્કી ક્ષણોને એમ ગાળું

મુસાફર છું અને અટકી ગયો છું
સડક પર કોઈએ માર્યું છે તાળું

દિવસ ને રાત એની આંખમાં છે
છતાં પકડે છે પોતાને જ જાળું

દિવસ દાબ્યો છે ઓશીકાની વચ્ચે
મળી એવી તો એવી રાત ગાળું

સવા ફૂટની અધીરાઈ અડી ગઈ
અને એ વાતમાં દુનિયા નિહાળું

૧૧-૩-'૮૪



## ૧૪

ગબડતી ક્ષણોને ઉપાડી લઉં
હું રસ્તો બની જઉં ને ચાલી લઉં

ઘણી રાત ભેગી થઈ આજ તો
આ અંધારું મુઠ્ઠીમાં વાળી લઉં

ઉદાસી ઉદાસી રમી જોઉં, પણ
આ હસતું વદન ક્યાં છુપાવી લઉં ?

પવન છું ફૂંકાઉં છું મારી રીતે
મને છેક અધ્ધર ઉછાળી લઉં

ગયો છેક તળિયે તો એમ જ થયું :
મને ફૂલ થઈને ઉગાડી લઉં

ફરી દૃશ્ય આવું મળે કે નહીં
લો, આંખોમાં આખું જ ઢાળી લઉં

બધા નમ્ર ચહેરાઓ ઊંઘી ગયા
લખું છું ગઝલ ને જગાડી લઉં

૩-૪-'૮૪

# ૧૫

હવાથી વધારે વજનદાર છે
પૂછો નામ એનું તો અંધાર છે

મુસાફર થવાનું પ્રલોભન થશે
આ રસ્તાઓ એવા ચમકદાર છે

નિસાસાઓ રંગે છે નખ કોઈના
બિચારા સદાના કરજદાર છે

કરો પાર તોપણ ન કાંઠો મળે
એ કાગળમાં ચીતરેલી મઝદાર છે

વિચારોમાં પેસીને નીકળી ગયા
આ શબ્દોય લુચ્ચાના સરદાર છે

૬-૪-'૮૪



# ૧૬

કશું હોય ના ત્યાં ઘણું દેખવું
અમારું નસીબ છે : સતત વેઠવું

પડ્યા હોય તેઓ જ જાણી શકે
છે સુંદર ને અઘરું ગગન ઠેકવું

ઘણી વાર ઊંઘું તો લાગે મને
કે ઓશીકે આખું જગત ટેકવું

એ આંખો ને દૃશ્યોનો આભાર છે
જે દેખાય એથી અલગ લેખવું

એ સાચું કે ઘરમાં જવાયું નહીં
ને રસ્તામાં રઝળી પડ્યું ભેટવું

બનાવું છું અંધારને આંગળી
ને દીવા વગરની ઝબક પેટવું

પ્રસંગો બધાયે કડીબદ્ધ છે
કહે છે : લખી લો ફક્ત 'છેકવું'

૬-૪-'૮૪

## ૧૭

આ આંખોનો દરિયો ઉલેચું છું હું
ને અંદરથી ઉપરને ઠેકું છું હું

છે મીઠો ને ખારો ઓ દરિયો ને દિલ
આ બાબતને એવી જ લેખું છું હું

છે આકાશ ઊંચે તો ઊડ્યા કરું
છું પંખી ને કલરવમાં પેસું છું હું

છે એવું જ સુખ તો ભલે, એમ હો
કે તેઓનું દુખ છે ને વેઠું છું હું

એ કાળી ક્ષણો કામ સોંપી ગઈ
હા, હમણાં તો પોતાને છેકું છું હું

૧૩-૪-'૮૪



## ૧૮

છે શબ્દોય મારા સુગંધીભર્યા
બને તો સુકોમળ નજર રાખશો

મેં માગ્યાં હતાં બે કિરણ પ્રેમનાં
મને શી ખબર કે સૂરજ આપશો ?

હું પર્વતમાં દરિયામાં ઊછળું કૂદું
જો ઊંઘો તો મારા જ જેવા થશો

કહો છો તો ઊંચે ઊડું ને રહું
પરંતુ આ લોકો ના વળગાડશો

મુસાફર છું, અટકું ને ભાંગી પડું
તો રસ્તો જ મારા ઉપર નાખશો

૧૫-૪-'૮૪

## ૧૯

ઘણું પામ્યો ઘણું ખોઈ દીધું ક્યારેક હસવામાં
હવે મનમાં ઊગે છે એ બધું રાખું છું ગજવામાં

હું માણસ છું અને તેથી જ રાખું છું મને તરતો
ખબર છે કે બીજા પથ્થર બન્યા ઊંડે ઊતરવામાં

બને તો એમને પૂછીને એની ખાતરી કરજો
મજા શી હોય છે કારણ વગર કાયમ તડપવામાં

મળ્યું એકાંત તો રસ્તો જ એમાં ઠાલવી દીધો
પછી જાણ્યું કે શું શું થાય છે ખાલી રખડવામાં

બધા નિશ્વાસ કાળી રાતના ઊંડે સુધી ઊતર્યા
મને સમજાય એવી વાત છે ફૂલોના ખરવામાં

ઉછાળું છું મને એવી રીતે આગળ અને પાછળ
બધી ઊંચાઈ ઓગળતી રહી નીચે પટકવામાં

હવે લાગે છે મારે એકલો તારો થવું પડશે
ઘણું મોડું થયું ઘરમાં જવામાં ને નીકળવામાં

૧૫-૪-'૮૪



## ૨૦

કોણ એવી રીતથી ચર્ચા કરે
જેમ થોડું ઊઘડી પડદો પડે

એક એવું ફૂલ ખીલ્યું છે અહીં
જે થકી ચારે દિશાઓ મઘમઘે

કાનલાંબી આંખમોટી આરસી
હોય એવી વારતા ચહેરા કને

એ ખરું કે લોક એ જાણે નહીં
હા, વિચારોમાં તો આંગળીઓ હસે

કાળ મૃત્યુ ઊંઘ ઓશીકું નદી
વાતડાહ્યાં પાંચ પગલાંઓ બને

એક પક્ષી એ વિચારે ચૂપ છે
એને પડછાયો છે એનું શું કરે ?

મેં ગુમાવ્યું છે ઘણુંયે ઊંઘમાં
ને હવે જાગું તો અંધારું મળે

૧૭-૪-૮૪

## ૨૧

વિચારો ઝીલવા લાગ્યા છે પાણીનું ટપકવાનું
હવે ગમતું નથી ગઇ કાલની માફક પલળવાનું

કશુંયે હોય ના ત્યાં સેંકડો તારાઓ દેખાડે
ઘણી આંખો શીખી ગઇ છે નવી રીતે કનડવાનું

અમુક શબ્દોને છેકી નાખવા પડશે અનુભવથી
પહેલાં પ્રેમ લઇએ તે પછી આવે તડપવાનું

ભલે હો ભાગ્ય કે દુર્ભાગ્ય અથવા તો બીજું કાંઇ
નથી મળતું બધાને એમ તો માગ્યું સળગવાનું

બધા રસ્તા મુસાફર હોય તેવું ચાલવા લાગે
અને પૂછે છે : કેવું હોય છે અહીંયાં ભટકવાનું ?

હવે એ વાત પર કુરબાન છે આખું જીવન મારું
મળ્યું છે એ રીતે વર્ષો પછી પાછું પમરવાનું

ગઝલ કાગળમાં ઊતરે એટલું પૂરતું નથી હોતું
પછી પણ એ તો ચાલે છે ને જાણે ક્યાં અટકવાનું

૧-૪-'૮૪



## ૨૨

કહે છે, ઉનાળો તો આંસુઓ સારે
ને કારણ પૂછું છું તો કપડાં નિતારે

તમે કાલ રાત્રે જે સપનાં ઉગાડ્યાં
એ હમણાં બતાવું કે કાલે સવારે ?

અહીં ક્યારનો એમ બેસી રહ્યો છું
કે પડછાયો મારો છે સામે કિનારે

ઘણી વાર એમ જ ગગનમાં જઉં છું
મને ચાંદ પોતાના ઘરમાં ઉતારે

હવે ઊંઘ આવે તો દરિયાઓ ઢોળું
ભલી આંખ મારા જ જેવું વિચારે

અહીં રમ્ય ખુશબો અને કંટકો છે
એ જાણીને જે કોઇ આવે, પધારે

સમય હોય ડંકા તો ચાલો વગાડો
અમે જોઇએ બાર વાગે છે ક્યારે ?

૬-૬-'૮૪

# ૨૩

સમય તો નદી છે વહ્યો જાય છે
આ શબ્દોને શું છે કે અમળાય છે ?

ગણું છું યુગોથી ને ભૂલો પડું
ઘડી બે ઘડી ક્યાં પૂરી થાય છે !

છે એવો અનુભવ કે ખસતો નથી
હું ચાલું તો રસ્તાઓ લંબાય છે

એ આંસુ છે આઘેથી મોળું રહે
ને અડકો તો દરિયો ઉલેચાય છે

મને માર્ગમાં એક મીંડું મળ્યું
અને વાત અહીંયાં પૂરી થાય છે

*

અને વાત અહીંથી શરૂ થાય છે

૧૬-૫-'૮૫



# ૨૪

એક કે બે પળ થવાનું હોય છે
ક્યાં પછી ઝળહળ થવાનું હોય છે

આંખમાં અકબંધ અજવાળું વસે
સ્વપ્નને કાજળ થવાનું હોય છે

શ્વાસ ને ઉચ્છ્વાસ રણમાં ઓગળે
રેતને મૃગજળ થવાનું હોય છે

ખૂબ અઘરું હોય છે અંદર જવું
એકલા બળબળ થવાનું હોય છે

આજ અથવા કાલ એકેએકને
સાવ સૂનું સ્થળ થવાનું હોય છે

૮-૬-'૮૫

## ૨૫

ખૂબ ઊંડાણ હોય તો સારું
ફૂલની ખાણ હોય તો સારું

હું રડું છું દિવસથી રાત સુધી
એમને જાણ હોય તો સારું

ડૂબવું હોય ને તરી જઈએ
એટલી તાણ હોય તો સારું

ઝાંઝવાં આમતેમ રખડે છે
કોઈ રહેઠાણ હોય તો સારું

આપણી કલ્પના ઘણું ફળજો
શબ્દનું વ્હાણ હોય તો સારું

૧૨-૬-'૮૫



## ૨૬

ઈચ્છાનું તોરણ બાંધું છું
કાચી કોરી ક્ષણ બાંધું છું

કામ ચીંધ્યું છે અંધારાએ
સવારનું ડહાપણ બાંધું છું

સીધો રસ્તો સાવ ગમે ના
ખાડાઓ .બે ત્રણ બાંધું છું

ઘર ઝઘડો સળિયા વંટોળો
વિચારમાં કંઈ પણ બાંધું છું

આંખોમાં આંસુ ના ખૂટે
દરિયાની સમજણ બાંધું છું

૧૪-૬-'૮૫

## ૨૭

ગયાં વર્ષો હવે આવ્યાં-અને આઘાત ચાલે છે
સવારે કોણ જાણે કેમ એવી વાત ચાલે છે

ઘણી વેળા મને થઈ જાય કે મારા ઉપર પડશે
અચાનક આંખમાં ઊગીને કેવી રાત ચાલે છે !

બને તો એમને કહેજો કે ખુશબો મ્યાનમાં રાખે
બગીચામાં બધાં ફૂલોની હમણાં ઘાત ચાલે છે

હકીકતના બધા દરવાજા તાળું શોધવા લાગ્યા
કોઈ ઊંઘી ગયું છે એનો પ્રત્યાઘાત ચાલે છે

સમયનું નામ મુઠ્ઠી હોય તો એ ખોલવી પડશે
- અને ઘડિયાળમાં કાંટા દિવસ ને રાત ચાલે છે

૧૫-૬-’૮૫



## ૨૮

હજારો વર્ષમાં પહેલી વખત જે કંઈ બને બનજો
બધાંની આંખ ઊઘડે એટલી મારી ગરજ પડજો

અહીં સુક્કું અને લુખ્ખું વળી ટુકડે જિવાયું છે
હવે એ સર્વને ભેગું જીવું એવી ક્ષણો મળજો

ઝરૂખો બારીઓ આકાશ ને એવું ઘણું જોયું
તમે કેવળ અને એક જ રહો એ દૃશ્ય વિસ્તરજો

સૂરજ ઊગે તો અજવાળું અને ડૂબે તો અંધારું
એ સમજું છું ને અંદર છું એ જાણો તો મને હસજો

મને માફક છે મારો દોષ ને તેથી સલામત છું
કહેવી હોય એની વાત તો સુંદર ગઝલ લખજો

૧૮-૬-’૮૫

## ૨૯

અજાણ્યાં બનીને એ પૂછે મને :
હું ચાલું તો કેવી લચક હોય છે ?

ઘણી વાર પલળે ને કોરા રહે
વિચારો સ્વભાવે કડક હોય છે

હવે એ જ પોતાને પૂછવું રહ્યું
કે આંખોમાં અસલી ચમક હોય છે ?

ઉતારું નીચે તો એ પથ્થર બને
હા, પર્વતને એની ફડક હોય છે

અહીં શબ્દનું કામ એવુંય છે
જ્યાં કાગળમાં ભીની ધબક હોય છે

૨૦-૬-'૮૫



## ૩૦

શબ્દને ઝોકું ચડે તો ચાલશે ?
ઊંઘને ઓછું પડે તો ચાલશે ?

એમણે ફેંકી દીધેલી વેદના
માર્ગમાં ઠેબે ચડે તો ચાલશે ?

દર્દનો કિસ્સો ખતમ કરવો રહ્યો
આંખને આંસુ નડે તો ચાલશે ?

આપણે વસ્તુ અને તે પણ ખરાબ
આ રૂપક કોઈ ઘડે તો ચાલશે ?

લોક વચ્ચે સ્હેજ પણ બોલે નહીં
એ ખૂણામાં જઈ રડે તો ચાલશે ?

૨૧-૬-'૮૫

# ૩૧

પોતાને જોઇ જોઇને શરમાઇ ગયો છે
એ કોણ છે જે આટલો હરખાઇ ગયો છે ?

સારું કે એની વાત કોઇ સાંભળે નહીં
એ એવું કહે છે કે એ ખોવાઇ ગયો છે

મારું નિશાન સાફ અને સ્પષ્ટ હોય છે
તાકું છું એને ત્યારથી વીંધાઇ ગયો છે

છે દર્દ એટલું કે એ અક્કડ ટકી રહ્યું
ને પ્રેમ એટલો કે એ પટકાઇ ગયો છે

પર્વતનું નામ સાંભળી ઊભો થયો તે હું
જાણે કે એક ઢાળમાં ઢોળાઇ ગયો છું

અંગત જીવનમાં જેમને પામી શક્યો નહીં
એ ભાવ એમને જ પછી ખાઇ ગયો છે

આંસુનું શું કે આંખથી એવું દડી પડ્યું
દરિયો જ આખો એકદમ ડહોળાઇ ગયો છે

૨૨-૬-’૮૫



# ૩૨

કશુંક એવું બન્યું ઠંડું ઠંડું ઓગળવું
અમે બધાંને કહ્યું : એક વખત તો બળવું

તને ખયાલ પડે તો જરૂરથી લખજે
મને કળાય નહીં કોઇ અર્થમાં મળવું

કહો કે એક વખત આ ઝરૂખો મહેકાવે
પછી વિચાર કરું કઇ દિશા ભણી વળવું

હજાર વાત હતી એક એક આંસુમાં
અને એ આંખ છે જે જાણતી નથી ઢળવું

ગઝલ લખું તો મળે એ જ રાત ને ખુશબો
અને હૃદયનું પછી તાલબદ્ધ ખળભળવું

૨૩-૬-’૮૫

# ૧૯૬૮ થી ૧૯૮૨
# ગઝલો

## ૩૩

સતતની સ્પર્શરેખા શબ્દ જેવી
મને અડક્યા વગર અડકી ગઈ છે

પણેથી––થીપણેથી––થી–પણે–થી
ન જાણે એય ક્યાં ક્યાંથી ગઈ છે !

બગાસું બોર આંસુ પાડતું'તું
હવા એનેય સળગાવી ગઈ છે

દીવાબત્તી-સમયની ઝંખનાયે
બુઝાવીને બધું ચાલી ગઈ છે

અહોહો કંઈક તું તો **સાવ** એવી
અને તું સાવ એનાથી ગઈ છે

સપ્ટે. ૧૯૬૮



## ૩૪

અહંહં છીંક જેવું હાસ્ય વેરી
અહીં બેસી જવા આઘે ગયો છે

બગાસાં જેટલું ક્યાંયે કશું છે ?
મુસાફર ખાસ એ માટે ગયો છે

અઢી ફૂટથી વધારે કેમ ઊંઘ્યો ?
ઉલૂલૂલૂ બિચારાયે ગયો છે

હતો એકાંતમાં એવી રીતે કે
સમય જાણે કે ખખડાટે ગયો છે

હલેસાં આંખમાં ઊતરી ગયાં છે
અને દરિયો તો ઊંડાણે ગયો છે

૧૯૬૯

## ૩૫

જુએ છે કોણ જાણે કે અડે છે
સતતમાંથી સતત ક્યાં જઇ ચડે છે !

ફકતનું પુષ્પ માથા પર રહ્યું ના
મળે છે તે મને માથે પડે છે

ઘણાં વર્ષો થયાં પેલા ખૂણામાં
અકારણ અર્થનું ઈંડું સડે છે

રરરરાને થયું છે શું ન જાણો
હવે એ 'જા' નગરમાં જઇ રડે છે

પડ્યું છે દૃશ્ય-કાણું ના-નથીમાં
સમય ટીપે ટીપે નીચે પડે છે

ઉછાળે છે અગાસી ને ઝરૂખો
પણેને પાંપણો શી સાંપડે છે !

બગાસું પણ તમે ખાઇ શકો છો ?
હવે **આ ખા** ને **જા** આવું લડે છે

૧૯૬૯



## ૩૬

ઝાંખો અવાજ બારીએ ડોકાય એમ છે
લાગે છે આજ એમ, બધું થાય એમ છે

પાંપણને નીર પાંદડાં ઊગ્યાં'તાં, ક્યાં ગયાં ?
પ્રશ્નો રૂપે જ દ્વાર ઉઘાડાય એમ છે

ફિક્કો સફેદ ભાવ જવાબે છે પ્રશ્નને
કારણનો રંગ એમ ક્યાં દેખાય એમ છે ?

થોડી ક્ષણો ઉછાળી રહી છે બીજી ક્ષણો
બાકી બધીય આમ તેમ જાય એમ છે

ફોટો થઈ ગયો છે સમય આસપાસનો
કેવો (!) પ્રવાહ કેમ (?)માં ખેંચાય એમ છે

૧૯૬૯

## ૩૭

ભૂલા પડ્યા વગરનું ભટકવાનું હોય છે
સઘળે ગયા, અજાણ્યાં કોઇ ઘર હતાં જ ક્યાં ?

સમજી શકાય એટલાં લોકો મળી ગયાં
પામી શકાય એટલા તો સ્વર હતા જ ક્યાં ?

એથી વિશેષ ખોટ કશી હોય તો કહો
ઘરમાં અમે હતા છતાં અંદર હતા જ ક્યાં ?

એવો સમય ને એવી ગતિ છે વિશાળની
પડઘા પડ્યા તે કોઈની ભીતર હતા જ ક્યાં ?

પગલાંઓ પાડી પાડીને જેઓ જતાં રહ્યાં
તેઓનું નામ પાડવા અક્ષર હતા જ ક્યાં ?

૨૦-૩-'૭૪



## ૩૮

ઘણાં ઘર થાય છે ખાલી જગતમાં
છતાં રસ્તા તો રસ્તામાં રહે છે

બરફ થઈ જાઉં તો સારું હવે તો
બધા લોકો મને પાણી કહે છે

બગાસાં છે કે ટોળાં છે નકામાં
દિવસ ને રાત ગણગણતાં રહે છે

નદી, સાગર એ સમજે છે બિચારાં
ઊછળતાં કે ધીરાં, પાણી વહે છે

મૂકી દઉં આજ અક્ષરને ખીસામાં
ઘણા દિવસોથી ખાલીખમ રહે છે

## ૩૯

ખૂબ ઊંચે ચડી ગયો છું હું
છેક નીચે પડી ગયો છું હું

એક હાથે મને મેં તરછોડ્યો
અન્ય હાથે અડી ગયો છું હું

મેં મને ખૂબ ખૂબ ઘૂંટ્યો છે
ને મને આવડી ગયો છું હું

થાય છે કે ફરીથી બંધાઉં
સામટો ગડગડી ગયો છું હું

બંધ થઈ જાઉં આજ આખોયે
એટલો ઊઘડી ગયો છું હું



## ૪૦

દૃશ્ય દરવાજો બને ના
કોઈનાં ઝૂર્યાં કરે ચખ

ભરબજારે બેસીએ ને
આપીએ-લઈએ છીએ દખ

પીઠું, માથું સબ સલામત
જોઈએ ના આવું તો સખ

ખૂબ પીધાં ને પીવાં છે
ગળચટાં છે ખટમીઠાં વખ

આંગળી ટૂંકી થતી ગઈ
એટલા વધતા ગયા નખ

એ ય બદલાઈ ગયા છે
એટલે બોલાય છે કખ

એ જ રસ્તો આપણો છે
ચાલ મનહરિયા, ગઝલ લખ

## ૪૧

હવાને જોઉં છું ને સાંભળું છું
હું ક્યાંથી ક્યાં જઈ પાછો વળું છું !

ક્ષણોને ના પછાડો આમ રસ્તે
પવનપોચા સમયને સાંકળું છું

ક્ષિતિજની ધારનો ટુકડો છે માથે
એ જોઉં છું ને જાણે ઓગળું છું

અગાસી તો કદી પગલાં થઇ ના
શું બોલું છું અને શું સાંભળું છું !

હકીકત ચાંચમાં લટકી રહી છે
હું શમણાંઓ ઉગાડી નીકળું છું



## ૪૨

હું મને હંમેશ પૂછું :
બોલ, મારી લાશ ક્યાં છે ?

ખૂબ ઊંચે જાવ ત્યારે
લાગશે આકાશ ક્યાં છે ?

સાવ પાણી થઇ ગયાં છે
આંસુમાં ખારાશ ક્યાં છે ?

વાક્ય તરડાઇ ગયું છે
શબ્દમાં શબ્દાશ ક્યાં છે ?

એક પળનો યુગ બને, પણ
એટલી નવરાશ ક્યાં છે ?

## ૪૩

હતું ઊંઘમાં ઊંઘ જેવું ઉઘાડું
કરે છે હજી કેમ 'હોંચી' ગધાડું ?

પવનની ગતિ એમ લાગે છે જાણે
દિશાઓ ઉપાડીને ચાલે છે ગાડું

વીતેલી ક્ષણો કાચ જેવી બરડ છે
કહો તો તમારા ઉપર હું પછાડું

સ્મરણના ખભા બેય થાકી ગયા છે
તને કેટલી વાર ક્યાંથી ઉપાડું ?

દીવાલોને બાંધી દઈ એક પડખે
પડ્યું છે કોઈ કૈંક વર્ષોથી આડું

નથી માત્ર બે આંખ ને બંધ મુઠ્ઠી
જગત એક આખું પડ્યું છે ઉઘાડું

કરે છે હજી કેમ 'હોંચી' ગધાડું ?
મેં અક્ષરભર્યા છે, હું ખેંચું છું ગાડું

૧૯૬૯



## ૪૪

માણસ મિજાજ મોર મછંદર મિજાગરો
કરવો પડે છે કોઈ પણ રીતે ઉજાગરો

નાગણ નદી નકાબ નમન નામના નકામ
એમ જ સમય કપાય છે સૌનો ઘણોખરો

બંદી હતો નથી ને હતો છું ને ના રહ્યો
સમજાય છે કે એક કબૂતરમાં છે છરો

નખથી ઘવાય એ જ મરે, એ જ પણ જીવે
સહેલું ગણિત ગણાય પવન વાય સોંસરો

ખાધાં બગાસાં બાર ને પાણી પીધું નહીં
કહેવાય છે કે એમ મર્યો એક છોકરો

લખવું લખાય લાગણી લટકે લડે પડે
છલકાય આંખ એમ કે લાખો સરોવરો

માણસનું નામ ઊંટ અખાડો અરુંધતી
ને એક દિવસ એક વખત હોય વાંદરો

અહીંથી ગયો તે ત્યાંથી ગયો ત્યાંથી ત્યાંથી ત્યાં
આબ્બાદ ઓડિયાળો દોડ દોડ ઠાકરો

અડકે નહીં ને વાગતો અંદર અને બહાર
માણસ મિજાજ મોર મછંદર મિજાગરો

કરવો પડે છે કોઇ પણ રીતે ઉજાગરો
માણસ મિજાજ મોર મછંદર મિજાગરો

માણસ મિજાજ મોર–
આણસ ઇજાજ ઓર–

આણસ ઇજાજ ઓર અછંદર ઉજાગરો
માણસ મિજાજ મોર મછંદર મિજાગરો

૧૫-૩-'૭૯



## ૪૫

એક રસ્તો છે અને એક નદી ને એવું
હું હતો એક ને એ એક હતી ને એવું

ક્યાં જશે કોણ જશે કેમ ભણી ને એવું
હું નથી તેઓ નથી કોઇ નથી ને એવું

એક આકાશ અને એક એનો ટુકડો છે
એક ટુકડો છે એનું કોઇ નહીં ને એવું

ના નથી કાંઇ અને તોય તે સૂરજ ઊગ્યો
ને પછી સાંજ ઢળી રાત પડી ને એવું

હું ગયો આમ અને તેમ અને આમ અને
તે પછી કોણ કહે કોણ પછી ને એવું

૧૬-૮-'૭૯

## ૪૬

એ અહીં છે અને સવાલ નથી
ને છતાં હોય તો ખયાલ નથી

મેં મને ને તને જ સમજાવ્યો
તું કહે એ જ તારી ચાલ નથી ?

હું નથી એ તો સાવ સાચું છે
તું નથી એમાં કોઈ માલ નથી

આમ ઢાંકે અને ઉઘાડે છે
રેશમી શ્વાસ છે રૂમાલ નથી

કોણ ચોરી ગયું તપાસ કરો
એક ઘરમાં કોઈ દીવાલ નથી



## ૪૭

ખૂબ પીડે છે દર્દ ઉપરથી
કોતરે છે પછીથી અંદરથી

બારણું ઊઘડે છે અંદરથી
કોણ ઊતરી રહ્યું છે ઉપરથી ?

હું ગયો છું અહીંથી ઉપરથી
ને પણેથી ગયો છું અંદરથી

જાય છે કોણ કોણ અંદરથી ?
આંખ ઊઘડે તો જોઉં ઉપરથી

હું થયો ખૂબ લાંબો ઉપરથી
ને પછી પહોળો થયો અંદરથી

## ૪૮

આ તરફથી ઓ તરફથી ચોતરફથી ઓર છે
શબ્દ ચીંચીં શબ્દ ચુંચું શબ્દ ચાચા ચોર છે

શબ્દ આંખો શબ્દ પાંખો શબ્દ ઊડવું-બૂડવું
શબ્દ કાગળ શબ્દ શાહી શબ્દ ભરબપ્પોર છે

શબ્દ સળિયો શબ્દ બળિયો શબ્દ મૂગો બોલકો
શબ્દ લીલો શબ્દ રાતો શબ્દ પીળો પહોર છે

શબ્દ સાતે રંગ ને એ રંગથી જાુદો જ રંગ
હાથમાં પૃથ્વી પછાડે એવો એનો તોર છે

જેમ ઊઠે તેમ બેસે તેમ ઊગે આથમે
શબ્દ શબ્દે શબ્દને માટે ગગન ઘનઘોર છે

હું નથી ને હું જ ખેંચું ને વળી ખેંચાઉં છું
શબ્દ મારા હાથ-પગ છે શબ્દ મારું જોર છે

એ રહ્યો એવો થયો ત્યાંથી ગયો અહીંયાં મળ્યો
શબ્દ આ ને શબ્દ તે–પેલો પુરાણો શોર છે



## ૪૯

હું પડ્યો સૂરજ પડ્યો ઘોડો પડ્યો
આભથી અંધારનો ઓળો પડ્યો

જે દટાયો તે પછી ઊભો થયો
ને પછી નીકળી જવાયું તો પડ્યો

એ બિચારો શું કહે પોતા વિશે
જે અહીં થોડો ઊભો થોડો પડ્યો

એક દુનિયા આંખ ઓળંગે નહીં
તે અમારે શિર ઘણો બોજો પડ્યો

એ હકીકત છે અને લાચાર છું
હું સમયસર છું છતાં મોડો પડ્યો

૧૨-૧૨-’૭૯

## ૫૦

એક માણસની જેમ ઊભો છે
એટલું કેટલું ફર્યો પથ્થર ?

કાચબો ને સમય પડ્યા ત્યારે
હાથ ઊંચા કરી સર્યો પથ્થર

આભઊંચું મકાન ઓળંગી
એમની આંખમાં ઠર્યો પથ્થર

માણસો માણસોથી ગભરાયા
સાંભળ્યું છે કદી ડર્યો પથ્થર ?

પથ્થરો ક્યાં ગયા ખબર કાઢો
ઓ જુઓ ત્યાં પણે મર્યો પથ્થર

લાગણીનું ટીપું અડે જ નહીં
તારો, આકાશથી ખર્યો પથ્થર

એમને હું, મને એ ચીંધે છે
ત્યારે દેખાય છે નર્યો પથ્થર



## ૫૧

બધી આંખો દીવાલો બાંધવા શોધે છે સળિયાઓ
બધે ઊગી છે હમણાં તો ફક્ત રાતો જ પથ્થરની

બધાયે સામટો ઢગલો થઈને વાગવા લાગ્યા
અમે હમણાં સુધી કરતા હતા વાતો જ પથ્થરની

ગયા લથડ્યા પડ્યા ઊભા થયા ને એમ બેઠા પણ
અમે સાચે જ ખાધીપીધી છે લાતો જ પથ્થરની

સુગંધી ગોળ ફૂલો ગોળ ગોળાકાર ચહેરાઓ
બધુંયે ગોળ ગોળાવે મુલાકાતો જ પથ્થરની

અમે માણસ છીએ માણસ છીએ માણસ છીએ માણસ
ગમે તો સાંભળો સંભળાય છે વાતો જ પથ્થરની

## ૫૨

શબ્દો મારા પડઘા પાડે :
કોને અડક્યો આગળપાછળ ?

પાણીનો રેલો કહેવાયો
જે કોઈ દદડ્યો આગળપાછળ

વચ્ચે કોણે કોરો રાખ્યો ?
રસ્તો પલળ્યો આગળપાછળ

આઘે આઘે છેક જ આઘે
એ કોઈ ગબડ્યો આગળપાછળ

પાણી પાછાં આંખે આવ્યાં
અડકો દડક્યો આગળપાછળ



## ૫૩

અને આકાશ પર ચડતો હતો
ત્યારે હતો તે હું
અને પૃથ્વી ઉપર પડતો હતો
ત્યારે હતો તે હું
અને એકાંતને અડતો હતો
ત્યારે હતો તે હું
અને છાને ખૂને રડતો હતો
ત્યારે હતો તે હું
અને અંધારને જડતો હતો
ત્યારે હતો તે હું
અને એકાંતને નડતો હતો
ત્યારે હતો તે હું
અને પૃથ્વી ઉપર પડતો હતો
ત્યારે હતો તે હું
અને આકાશ પર ચડતો હતો
ત્યારે હતો તે હું
અને ચડતો અને પડતો હતો
ત્યારે હતો તે હું
અને પડતો અને ચડતો હતો
ત્યારે હતો તે હું

# ૧૯૬૪ થી ૧૯૬૭
# ગઝલો

## ૫૪

આ આંખો છે પાણીના જેવી જ રેતી
કે ઊંટો ડૂબ્યાં ને તરે છે અગાસી

હસે છે લીલું લાલ નળિયું રમૂજી
ને સળિયાઓ જેવું જુએ છે અગાસી

ગઈ કાલની આજ કીડી બની ગઈ
અને દૂધમાં ઓગળે છે અગાસી

બધી બારીઓ થાય છે બંધ ત્યારે
ઊઠે છે ને ઘરમાં ફરે છે અગાસી

અહીં પાંદડાં જેમ ખખડે છે ફોરાં
પણે વૃક્ષ જેવું ઊગે છે અગાસી

૧૯૬૭



## ૫૫

અતિ ઉદાસ ચહેરા ઉપર લીલી રાતો
ઊગી, ઉગાડી ગઈ છે પ્રભાત ખરબચડાં

પછી એ યાદ નથી કેટલા થયા તેઓ
અડી ગયા છે પવન પાંચ, સાત ખરબચડા

વહી રહ્યાં છે સમયમાં અસંખ્ય આશયથી
નિરાળાં પાણી-નદીના વિચાર ખરબચડા

જગા જગાએ કોતરે છે નામ પોતાનાં
મળે ના કોઈને આવા અભાવ ખરબચડા

મને સૂંઘી ગયાં છે બાગમાં બપોરાતાં
રહે મઝામાં બધાંયે ગુલાબ ખરબચડાં

પૂછું તો કેમ પૂછું એક એક જગ્યાને
મળે છે એકસામટા જવાબ ખરબચડા

રમી રહ્યાં છે સુંવાળી ઉદાસ આંખોમાં
અરણ્ય જેમ અડાબીડ ઘાસ ખરબચડાં

ભમે છે શેરી શેરીએ ગલી ગલી રસ્તે
અપાર ઘેન ઘેનમાં મિજાજ ખરબચડા

ગયા જે પહાડમાં ઝરણાંનો ભેજ ઓળંગી
બની ગયા છે વધારે અવાજ ખરબચડા

બને છે આમ તેમ કેટ કેટલા રસ્તા !
પણે પણે પણે...ણે અંધકાર ખરબચડાં !

# ૫૬

શહેરી થાંભલાઓ સાંભળે છે
અતિ ઝાંખા ધુમાડાના અવાજો

કરે છે એટલો ઘોંઘાટ રસ્તા
મને વાગે છે પથ્થરિયા અવાજો

તિરાડો(બારીઓ ના હોય !)માંથી
કરે છે આવ જા લાંબા અવાજો

રચાઈ જાય ગોળાકાર એવો
જડાઈ જાય ચોખંડા અવાજો

પ્રવેશે મોટા મોટા કાન જોઈ
ઝીણાં જંતુઓ-સગવડિયા અવાજો

સફેદી તીવ્ર નખથી કોતરીને
દીવાલોમાં રડે કાળા અવાજો

ઊભા છે એક પાછળ એક, સઘળા
ન હાલે, ચાલે ગાડરિયા અવાજો

અગાસીથી કૂદી, રસ્તાઓ વચ્ચે
પડી કચડાય છે ઘરના અવાજો



પરાણે પીંજરામાં જઇ પુરાયા
લીલા રંગોના પોપટિયા અવાજો

બધેથી થાય છે ઉપહાસ મારો
બધે સંભળાય ખરબચડા અવાજો

નદીની રેત માથા પર મૂકીને
બગાસાં ખાય ઘાસલિયા અવાજો

ઉડાડે થૂંક, ને પથ્થર ઉગાડે
ક્રિયાશીલ સર્વ ધુમ્મસિયા અવાજો

પણે ઓ જાય છે, ઓ જાય છે, ઓ
અવાજો આ તે છે કેવા અવાજો !

બિલાડીની બે ઝીણી આંખ વચ્ચે
દબાયા કૈંક ઉંદરિયા અવાજો

કબૂતરની ફૂટેલી આંખમાંથી
મને પાછા મળ્યા મારા અવાજો

## ૫૭

બત્તી-પ્રકાશ થાય છે એવી રીતે પણે
બારી બુઝાઇ જાય અને ઊઘડે છે ઊંઘ

ઘરની બહાર જાઉં છું ત્યારે હસી પડું
મારી જ જેમ જોઇ મને ખડખડે છે ઊંઘ

એક્કે ખૂણો ઉજાસ વિનાનો નથી રહ્યો
ઘરમાં ગઇ તો ત્યાંય હવે ઝળહળે છે ઊંઘ

મારું મકાન આજથી તારું થઇ ગયું
બોલું છું જેમ તેમ મને સાંભળે છે ઊંઘ

પૂછી રહ્યો છે કોઇ અજાણ્યો ઊભો રહી
ઊંઘી ગયા છે એમની ક્યારે ઊડે છે ઊંઘ ?

બારીના કાચ આટલા કાચા તો હોય ના
લાગી રહ્યું છે એમ કે જાણે ફૂટે છે ઊંઘ



પૂછી રહી છે એકને બીજી મીઠાશથી
મારી પથારી કેમ તું તારી કરે છે ઊંઘ !

માથે મૂકે છે ઓરડા, ખંડેર, ચાંદની
ઊંઘી ગયો છું હું કે નહીં, એ જુએ છે ઊંઘ

કોઇ, સવાર-સાંજ કરી એક, ઓ પણે
પથ્થરમાં એક રાત અને કોતરે છે ઊંઘ

૧૯૬૭

# ૫૮

જાણું નહીં કે કેમ અવાયું છે ઘાસમાં
હું ઘાસ છું ને ઘાસ સમાયું છે ઘાસમાં

નમણાં નયનથી નિત્ય નવાયું છે ઘાસમાં
સાચું કહું છું સાચું થવાયું છે ઘાસમાં

ઘરમાં હતું તે ત્યાંય મને તો મળ્યું તિમિર
મુજથી ન જગાયું, ન ઊંઘાયું છે ઘાસમાં

આખીય રાત ચાંદની સૂંઘ્યા કરે જમીન
એવું કશુંક એનું દટાયું છે ઘાસમાં

ખેંચું છું એમ મારાથી આઘું જતું રહે
કૈં એમ મારું નામ ભરાયું છે ઘાસમાં

કેવા હશે એ હાથ, ને કેવી હશે કળા !
તડકો બની તમિસ્રા ગૂંથાયું છે ઘાસમાં !

પથ્થર બધા તો માર્ગમાં વાગ્યા હતા મને
ચીસે છે કોણ, કોણ ઘવાયું છે ઘાસમાં ?

એવો અવાજ છે કે જે ઝંખ્યા કરે મને
મારું બનીને કોણ છવાયું છે ઘાસમાં ?



છુટ્ટું પડી છવાઈ ગયું છે રગે રગે
એનું કિરણ સૂરજથી સવાયું છે ઘાસમાં

મારોય રંગ એમના જેવો થઈ જશે ?
છેલ્લું કિરણ પડ્યું કે મૂંઝાયું છે ઘાસમાં

અવસર મળે તો ફૂલ બનીને ખીલી ઊઠું
એવું વિચારી પાણી સુકાયું છે ઘાસમાં

## ૫૯

સામે છે એ મકાનની બારી ન ખોલશો
એનો અવાજ હોય તે ખખડે છે વૃક્ષમાં

વરસાદ બંધ થાય છે ત્યારે બળી ઝળી
ભીંતો બહાર જાય ને પલળે છે વૃક્ષમાં

બપ્પોર છે, નિરાંતથી ઊંઘો શહેરીઓ !
રસ્તા બધાય આજ તો ઊંઘે છે વૃક્ષમાં

જોયા કરે પહાડ કે પોતાનું શું થશે
ઝરણાં અસંખ્ય કેમ આ ફૂટે છે વૃક્ષમાં

કોટિ કિરણ હશે કે હજારો સૂરજ હશે
એકેક કેટકેટલાં સરકે છે વૃક્ષમાં !

વાળી દઈ ઉજાસ મેં મૂક્યો'તો પાંદડે
એ કોણ આ અવાજથી બોલે છે વૃક્ષમાં ?

ઊતરે છે જ્યારે સાંજ ને બેસે છે ડાળ પર
ઊગ્યાં હો વૃક્ષ એટલાં પ્રગટે છે વૃક્ષમાં



## ૬૦

પાંપણ બીડી શકાય તો દેખી શકાય છે
પોલી દીવાલ-સાંજ ખસે છે પહાડમાં

શોધો નહીં શહેરી ધુમાડાઓ ક્યાં ગયા
ઝરણાં બની ગયા ને વહે છે પહાડમાં

ભેટી રહ્યાં છે જાણે સિતારો અને કળી
ધરતી ને આભ એમ મળે છે પહાડમાં

માથા ઉપર મૂકે છે ઉદાસી અવાજની
ને તોય હવા મસ્ત ફરે છે પહાડમાં

ચાલ્યું ગયું છે જ્યારથી જાળું કલાપમાં
આ મોર ઊર્ણનાભ રચે છે પહાડમાં

સામે છે એ શહેર જુએ છે પડી પડી
રેતી સમય પસાર કરે છે પહાડમાં

માડું છું મારા કાન તો પગલાં સુણાય છે
જાણે બીજો પહાડ વસે છે પહાડમાં

## ૬૧

મિત્રોને મિત્રતાથી વધારે શું જોઈએ ?
મારા તમારા જેવા તો અહીંયાં ઘણાય છે

છાયાઓ આટલું જે કરે છે એ બસ નથી ?
પોતાને જોઈ જોઈને ચહેરા લજાય છે

ઊભાં છે સામસામે ફૂલો બે બનાવટી
પૂછે છે એકમેકને : 'ખુશબો ક્યાં થાય છે ?'

તડકો હલનચલન કરે છે એમ બાગમાં
જાણે કે કોઈ પ્રાણી તાજું ઘાસ ખાય છે

હાંફ્યા કરે છે ક્યારનું બેવડ વળી વળી
પાણીને પૂછીએ કે પેટમાં શું થાય છે?



## ૬૨

પોલાં શરીર જેવા દેખાવ થઈ ગયા છે
પથ્થર હતા તે અમને વાગી તૂટી ગયા છે

રસ્તાનો કેફ છે કે મંઝિલનો એ નશો છે
પગલાંઓ ચાલી ચાલી નિજને ભૂંસી ગયાં છે

એકાંતની પળોમાં મોંઘા હતા નિસાસા
ખંડેરમાં જઈને સઘળા ડૂબી ગયા છે

માઠી દશામાં એવા આધાર થાવ મારા
મુજ આંખમાં એ નિજનાં આસુ મૂકી ગયાં છે

આંસુની મિત્રતામાં, આંસુની લાગણીમાં
મારા અવાજ ગબડી ગબડી ફૂટી ગયા છે

હમણાં જ આવશે એ, હમણાં પધારશે એ
મુજ નામ ઠામ તેઓ હમણાં પૂછી ગયાં છે

## ૬૩

રડતી રહી છે આંખ યુગોથી એ આશથી
એકેક આંસુ આંસુનું એકેક ઘર હશે

મારા વિશે કશુંય વિચારી શકું નહીં
મારા બધા વિચારમાં તારી અસર હશે

એકાંતમાંય એકલું લાગ્યા કરે મને
તું ત્યાં હશે તો જાણે કે તારા વગર હશે

ડગલું ભરું છું તારા વતી મારી સાથ હું
લાગે છે હવે ખૂબ મઝાની સફર હશે

નહીં તો આ બંધ દ્વાર ઉઘાડાં ન થાય આમ
તેઓને મારા નામની પૂરી ખબર હશે

બીજું તો હશે કોણ કે સંબોધશે મને ?
જોઇ તો લઉં, ક્યાંક એ મારા જ સ્વર હશે

પથ્થર સિવાય કોઇની પાસે કશું નથી
કોને ખબર હતી કે આ આવું નગર હશે ?



## ૬૪

આમ તો અશ્રુ નિરર્થક વહી જશે આ આંખનાં
કોઈ ખાલી પાત્ર જો આપો તો હું ભરતો રહું

આપણે જુદાં થયાં એ વાત સાચી નહીં રહે
હું મને તારી રીતે તારા વગર મળતો રહું

એક ભ્રમણા માર્ગદર્શક થઇ શકે છે એ રીતે
તું ઊભી છે એમ જોઇ હું સફર કરતો રહું

આય પણ કેવી હકીકત છે ખબર પડતી નથી
આપ જ્યાં જ્યાં ખાવ ઠોકર, ત્યાં ત્યાં હું પડતો રહું

કોઇ રીતે કોઇનીયે લાગણી તો જોઇએ
મારે માટે હું જ બીજો કોઇ થઇ રડતો રહું

હોત હું ટુકડો બરફનો તોય પાણી થઇ જતે
શું કરું, પથ્થર છું કેવી રીત ઓગળતો રહું

લોકમાં જઇનેય એકાકી છું એકાંતો વિશે
હું જ બોલું છું બધું ને હું જ સાંભળતો રહું

## ૬૫

પ્રફુલ્લિત થઇ જવાના મોહમાં ઝાકળ ઝીલી લઇને
થઇ ગઇ પાંદડી હાથે કરી ભીની ઉતાવળમાં

ઉદાસી રોજ એની સાથ રમવા આવવા લાગી
ખમાયું ના ને રહેવાયું નહીં આંસુથી પાંપણમાં

ગમે બંધન ન દરિયાનું તો આકાશે જવા માંડે
પરંતુ ત્યાંય પાણીનાં શરીર બંધાય વાદળમાં

પછીથી નહીં કહીએ કોઇને શું શું હતું એમાં
પહેલાં જોઇ તો લઇએ કે શું શું છે સુરાલયમાં !

સૂરજને બે ઘડી જોઇ સવારે પક્ષીઓ બોલ્યાં :
હજી ગઇ કાલ જેવો છે, બરાબર એ જ હાલતમાં

બધાં યે પાપ મારી જેમ આવ્યાં છે અહીં પાછાં
ગયો ભૂલી હું કહેવાનું કે ગંગા છે હિમાલયમાં

જરા ખારાશ પહેલામાં વધારે, ને બીજું મોળું
તફાવત હોય છે તો આટલો આંસુ ને ઝાકળમાં



## ૬૬

તારો ચહેરો વાત કરે છે ખબર પડી
વાતાવરણની જેમ તું જ્યારે મૂગી બની

સરખામણીની રીત સફળ શી રીતે થશે ?
લાગે છે આપણાથી જુદી છાયા આપણી

ત્યારે હળીમળીને રહું છું હું મારી સાથ
જ્યારે ન હોય મારી કને મારી હાજરી

મારો વિકાસ મારાથી આગળ વધી ગયો
પગલીઓ મારી મારાથી પાછળ રહી ગઇ

જાણી બૂઝીને સ્થિર ઊભી છે યુગો થકી
મારી વિચાર-ભોમમાં કેવી છે આ નદી ?

પાંખો હજી છે મારી બેય આંખને વિશે
ભ્રમણાની પરી આમ શી રીતે ઊડી ગઇ ?

પૂછો મને તો હુંય બતાવી નહીં શકું
પહેલાં હતો હું ક્યાંક, પણ હમણાં કશે નથી

## ૬૭

મને ચાહ્યા કરે છે કોણ મારાથી અલગ રહીને
મને તાક્યા કરે છે કોણ આવું આરસીમાંથી ?

બને એવું કે પોતાની જ અવગણના કરે કોઇ
કોઇ આવે ને જાણી જાય તારી હાજરીમાંથી

હલેસાંઓ નથી ને તોય આવે, જાય નૌકાઓ
આ મારી આંખમાં પાણી વહે છે કઇ નદીમાંથી ?

વહાવે છે બધા પાષાણ-કોલાહલ સરોવરમાં
વહે છે જે બધાં ઝરણાંઓ મારી આંગળીમાંથી

ગયો હું ત્યાંય તો બદલાઇ ના સ્હેજે સ્થિતિ મારી
મને તો ફૂલ જેવું સાંપડ્યું જ્વાળામુખીમાંથી

ગઈ રાતે દીવાલો જે હતી કોઇક કારણથી
એ આંખોને મેં ફેંકી દીધી મારી ઓરડીમાંથી

સૂરજ ઊગે તો કહેજો કે ન શોધે કોઇ ઠેકાણે
મને ગમતાં કિરણ મેં લઇ લીધાં છે ચાંદનીમાંથી



## ૬૮

શોધ્યા કરે છે ક્યારનો ટ્હૌકાઓ આમ તેમ
ભૂલી ગયો જે મોર કળાના પ્રકાશમાં

પાંપણની સાથ રાત બિડાઇ ગઇ હતી
ઊઘડી ગઇ છે એમની સાથે સવારમાં

ચીસ્યા કરે છે ક્યારનું પોલાણ ખળભળી
દોડી રહ્યું છે કોણ આ મારા મકાનમાં ?

આંસુની જેમ આંખ વિશે સાચવી હતી
કાણાં પડી ગયાં છે હવે એ દીવાલમાં

ભૂસી ગયો મરોડ કરી કાળ કોગળા
ડાઘા રહી ગયા છે તે જોઉં છું નામમાં

પાડી રહી છે શૂન્યતા પડઘા નવા નવા
અંધારું ફેરવાઇ ગયું છે અવાજમાં

મારો પ્રકાશ મારી કને ના રહે જરા
ઝાંખો થઇ સમાય બીજાના ઉજાસમાં

મારી કને કશુંય નથી એમ ના કહું
મારું બધુંય હોય છે મારા સિવાયમાં

## ૬૯

તારા વિશે કશુંય કહેવું નહીં ગમે
મારા મુખે તો હું તને પથ્થર નહીં કહું

ભટકી રહ્યા છે શ્વાસ અજાણી જગા ગણી
હું જ્યાં રહું છું એને મારું ઘર નહીં કહું

ચહેરો જ જાણે જોઉં છું તારા અવાજનો
વાંચી રહ્યો છું એમને અક્ષર નહીં કહું

મૂકી દીધી છે આંખમાં મંઝિલના નામથી
વાગી હતી તે કાલને ઠોકર નહીં કહું

રસ્તો જુએ છે આભને, એવી રીતે તને
જોયા કરું છું એમ ખરેખર નહીં કહું



## ૭૦

વીતી ગઈ એ જિંદગી પૂરી નથી થઈ
માણસ ગયો તો શું થયું ? એની કથા તો છે

સુખમાં હશે કે કેમ મને એ ખબર નથી
દુખમાં હસી રહ્યો છું જે, એમાં મજા તો છે

મળતી નથી મને એ ફક્ત એટલું કહું
જ્યાંજ્યાં જઉં છું ત્યાંત્યાં મારી જગા તો છે

એકાદ જણ નથી એ નીરખવાનું હોય છે
જોયા કરો સભા મહીં બીજા બધા તો છે

છુટ્ટા પડ્યા વિના તો અધૂરો રહે પ્રણય
થોડા વિચાર આપણા એવા થયા તો છે

# ૭૧

આંખો ખૂલી તો આ જગત એવું ઝરણ થયું
મન શાંત મારું ઠેકડા મારી હરણ થયું

બુદ્ધિને એક બાજુએ બેસી જવા કહ્યું
દીવાનગીને આજ હવે શાણપણ થયું

ઠોકર મળી ને કોઇ જ્યાં રસ્તે ઢળી પડ્યું
મુજને ન જાણે તે ઘડી મારું સ્મરણ થયું

પાંપણ બીડો ને સોણલું આવે તો જાણજો
છાયાની સાથ તેજનું એકીકરણ થયું

ઊર્મિઓ એમાં પાય પખાળી રમી શકી
અશ્રુનું એમ મારાં નયનમાં ઝરણ થયું



# ૭૨

મળી થોડીક ખુશબો તો મને ભારે જણાઉં છું
હું થોડો ફૂલ જેવો છું અને પથ્થર વધારે છું

આ કાળી રાત જેવી રાતને ક્યાં જઇ વિતાવીશું
હું સૂરજ છું અને તેથી ગગનમાં તો સવારે છું

છે ચહેરો એક એની આજુબાજુ ભીંત લાખો છે
મને સમજાવશો કોઈ કે હું કેવા વિચારે છું ?

છે છાયા એક બાજુ ને બીજી બાજુ તમે પોતે
કોઈ ત્રીજો કહે તો ઠીક હું કોના સહારે છું ?

અહીં ડૂબવું અને તરવું સતતનો ખેલ ચાલે છે
અને તેથી ગમે ત્યારે કહું છું કે કિનારે છું

## ૭૩

આંખથી આંસુ હોય છે મોટું
વાત મારી આ કોણ સમજે છે ?

એક બિંદુ છે બોબડું, બહેરું
સાંભળે જેવું તેવું બોલે છે

આ ન સમજાય તેવી સૃષ્ટિ છે
પાંદડી પીળું પીળું ફોરે છે

મારા જેવો અવાજ આ ક્યાંથી ?
એક પંખી ઝરણને પૂછે છે

હાલે, ચાલે ન પાંખ પંખીની
પ્હાડ આખોય એમ ઊંઘે છે



## ૭૪

પ્રભુ ! આવું મને શું કામ દેખાડે છે છે અજવાળે ?
મને જોઇને તેઓ રોજ દીવાઓને ઓલાવે

મહત્તા નામની જોડાઇ છે સૂરજની સંગાથે
આ અંધારું તો અંધારું છે, એને કોણ અજવાળે ?

મને આવાં પરિવર્તન વિશે કોઇ તો સમજાવો
જે ફૂલો હોય છે તે શી રીતે પથ્થર બની જાયે ?

બધાયે પોતપોતાની જગા માટે વિચારે છે
ઊભો છું એકલો અહીંયાં, મને ત્યાં કોણ બોલાવે ?

પછી માનું કે મારાથી અધિક કોઇક છે અહીંયાં
જો મારી જેમ કાંટો થઇને કોઇ બાગ શોભાવે

## ૭૫

દુખના પ્રસંગ તો તો વધ્યા હોત એક બે
ફૂલો મને જો આમ મળ્યાં હોત એક બે

કોઈ મળ્યાં ને આટલી ઇચ્છા રહી ગઇ
સાથે મળીને તારા ગણ્યા હોત એક બે

આંસુ જો હોત આંખમાં બાકી, તો એમણે
મારા જીવન-પ્રસંગ કહ્યા હોત એક બે

જીવી ગયા તો કોઇની આંખો હસી નહીં
ચાલ્યા ગયા જો હોત, રડ્યા હોત એક બે

પગલાં હું મારાં જોઇને ઊભો રહી ગયો
પાછળ હતા તે ભૂલા પડ્યા હોત એક બે

તેઓનો મારા હાથથી પર્વત બનાવતે
પથ્થર હતા જે તે જો રહ્યા હોત એક બે

અંધારમાંય ના મળી થોડી ઘણી જગા
સ્વપ્નાંઓ મારાં સૂર્ય બન્યાં હોત એક બે



## ૭૬

ઝાકળનું નાનું બિંદુ અને નાની એક કળી
તેઓ મળે ને એક સરસ થાય ચહેરો

વેરાય પાંદડીઓ રૂપે, ફૂલમાં ખીલે
છુટ્ટો ઘડી, ઘડી વળી બંધાય ચહેરો

જોયા કરો તો એના વિશે જાણવા મળે
માણસ તો એનો એ જ છે, બદલાય ચહેરો

કેવી સ્થિતિ હશે તે ખબર ના પડે મને
આવે ઘડી ઘડી ને કશે જાય ચહેરો

એનો અવાજ કાન દઈ સાંભળે તિમિર
પોલાણની દીવાલમાં પડઘાય ચહેરો

અજવાળું કોઇ ઓરડે આવું નહીં મળે
બારીઓ થાય બંધ, ને ફેલાય ચહેરો

એની વિશાળતાને નમન સાંકડાં પડે
મારા ખૂટ્યા વિચાર, ને લંબાય ચહેરો

## ૭૭

આ કેવી આંખ છે કે કૈં ખબર પડતી નથી મુજને
જે દેખાતી નથી તે વસ્તુઓ જોઉં છું જ્યાં ને ત્યાં

છે મારું દર્દ વહેંચાઇ ગયું કોઇ પ્રદર્શનમાં
હું મારી છાયાના ટુકડાઓ દેખાડું છું જ્યાં ને ત્યાં

જે બોલાયું નહીં ને એક ટાણે રહી ગયું મનમાં
તે મનને મનમાં બોલું છું ને સંભારું છું જ્યાં ને ત્યાં

નથી ભૂલો પડ્યો ને તોય જાણે કે અજાણ્યો છું
કંઈક એવી દશા છે કે કશું શોધું છું જ્યાં ને ત્યાં

હકીકત મારે માટે એક ભ્રમણા હોય આ રીતે
જે ખોવાઇ ગયું છે એને સંતાડું છું જ્યાં ને ત્યાં

રહું છું એ રીતે કે ક્યાંય એકલતા નથી હોતી
મને જુદો ગણી મારાથી, બોલાવું છું જ્યાં ને ત્યાં

છે મારી જાગૃતિ નખશિખ કાળી ઊંઘના જેવી
કશું જોઉં છું વારંવાર ને ઝબકું છું જ્યાં ને ત્યાં



## ૭૮

નથી હોતું કશું જોવાપણું ક્યારેય શ્રદ્ધામાં
ઘણાં પગલાં વટાવી જાઉં છું એકાદ પગલામાં

ફરક પડશે નહીં મારા વજનમાં કોઇ ઠેકાણે
ગમે ત્યારે મને મૂકી જુઓ કોઇય પલ્લામાં

કરોડો આભ મારા મસ્તકે આવી બિરાજે છે
ખબર પડતી નથી કે આ સ્થિતિ કેવી છે રસ્તામાં !

જે એવી હોય તે વસ્તુઓ આવી જાય ગણનામાં
મળ્યા છે ખૂબ મોટા ને બધા પથ્થર પ્રતિષ્ઠામાં

મળ્યો દેખાવ કાગળનાં ફૂલોનો ને વળી એમાં
અમે તો કામમાં આવ્યા નહીં ક્યારેય શોભામાં

બધી ઈંટો શરમથી માથું ઢાળીને પડી રહી છે
ભલા, આ ભીંત શા માટે નિહાળે છે અરીસામાં ?

ઠરે છે એ જ જગ્યાએ જઈ મારી નજર કાયમ
મને મારી જગા જે હોય તે દેખાય નકશામાં

## ૭૯

હું ચાલું તો પગલાંઓ પીંછાં બને છે
એ વીણ્યા કરે મોર મારા જ ઘરનો

દીવાલો કૂદે છે ને નાચે છે સળિયા
ન બોલે કે ચાલે છે પડછાયો સ્વરનો

નિસાસાઓ ખાધા કરો ગોળ હમણાં
કે ચોરસ કરો ભાર પાંપણ ઉપરનો

ડૂબી જાય ઉમરેઠ ઊંડા કૂવામાં
અને બ્હાર નીકળે છે પથ્થર નજરનો

મને મારું ઘર મારી આંખોમાં આપો
ને ખિસ્સામાં ચ્હેરો ઉદાસી વગરનો

હું પાણી હતો તે છું પાણીની હોડી
મને થાક લાગે જ ક્યાંથી સફરનો ?

બિલાડીની આંખોમાં ચૂં ચૂં કરે છે
એ ઉંદર કદી થાય ના આ નગરનો



## ૮૦

ઝાકળની આંખમાં આ સંધ્યા ઊગી છે ક્યાંથી ?
ક્યાંથી સવારમાં આ રાત્રિ, પૂછી શકું છું ?

કોઈ મનેય સૂરજ ગણતું હશે સવારે
સાંજે ડૂબી જઈને પાછો ઊગી શકું છું

આ પ્હાડ, આ તળેટી, આ ખીણ, આ હવાઓ
મુજ હાથમાં લઈને માથે મૂકી શકું છું

એકાંતની પળોમાં તારા વિચાર કરજે
મારા વિચાર માફક હું તો ખૂટી શકું છું

મારીય આંખ રોકી શકશે ગતિ સમયની
હું પણ તમારી માફક હમણાં ઊંઘી શકું છું

## ૮૧

આ અનુભવ છે મને, તો કોણ સાચો માનશે ?
કોઈ આવ્યા વિણ મને અહીંથી ઉઠાવી જાય છે

કોઈએ ક્યારેય આવી સ્થિરતા જોઇ હશે ?
એ ઊભી રહે છે અને મુજને વહાવી જાય છે

હું એ જાણું તોય તેઓને કશું કહેવાય ના
કોઈ મારાથી મને એવો છુપાવી જાય છે

કૈંક એકલતા વિશે આવો અનુભવ છે મને
હોઠ પર તારું અજાણ્યે નામ આવી જાય છે

વાત તેઓએ કરી તો જાણવા આજે મળ્યું
તેઓ સંભાળી મને ખુદને બચાવી જાય છે

આ હકીકત હોય તો મારા વિશે શું માનશો ?
ફૂલ ખીલી ફૂલના રંગો બિછાવી જાય છે

પથ્થરો તો કૈંક ઢગલામાં પડ્યા છે આમ તો
કોક આવી આંખમાં આંસુ બનાવી જાય છે

સાન્ત્વના તેઓને આપે કોણ ને કેવી રીતે ?
જાતને પોતે જ જેઓ સાવ ચાવી જાય છે

મારી એકલતાને હું એકીટશે જોયા કરું
એ જ મુજ એકાંતના પડદા હલાવી જાય છે



## ૮૨

હલેસાંઓ હેઠાં પડી જાય ત્યારે
આ હોડીને ધક્કાઓ મારે છે પાણી

મને ઝાંઝવાં જેમ આંખો મળે તો ?
અહોહોહો શું શું વિચારે છે પાણી !

ડૂબી જાય લોખંડી સળિયાની છાયા
ગઈ કાલથી આજ ભારે છે પાણી

ઊભા છે પણે એ જ આવું કહે છે :
અહીંથી તો સામે વધારે છે પાણી

હવા સાથ હિલ્લોળ લેતું ફરે છે
ને પૂછો તો પાછું નકારે છે પાણી

ભલે રાત આખી પડી જાય ઠંડું
સવારે જ કપડાં નિતારે છે પાણી

## ૮૩

કરું છું હું બત્તી તો પડઘા ખરે છે
હરે છે, ફરે છે ઉદાસીનું ટોળું

મળે છે ને બે કાન માગે છે ત્યારે
દીવાલો ધરે છે ઉદાસીનું ટોળું

ગમે ના તો આંખોમાં બાંધે છે ફોરાં
ને હૈયું ભરે છે ઉદાસીનું ટોળું

સમયના પગોમાં ઊંઘે છે દિશાઓ
એ જોયા કરે છે ઉદાસીનું ટોળું

ઉછાળ્યા કરે રેત ઊંટોના જેવી
અને વિસ્તરે છે ઉદાસીનું ટોળું



## ૮૪

હજી છાપરા પર છે એકાદ નળિયું
વિચારી, વધારે છે વિખવાદ નળિયું

હથેળીમાં ચાંદો દિવસમાં ને રાત્રે
ખીસામાં મૂકે સૂર્ય આબાદ નળિયું

ઝરૂખો થવાનું મળે ભાગ્ય તો તો
એ પોતે જ થઈ જાય સંવાદ નળિયું

પડી જાય તો પણ ઊભું થાય છે ઘર
રહી જાય જો કોક અપવાદ નળિયું

ચહેરો ઉદાસી ઉલેચે છે ત્યારે
વળી જઈને આપ્યા કરે દાદ નળિયું

## ૮૫

ધુમાડાઓ બગાસાં ખાય છે, શહેરો પીએ તો પણ
સવારો આવી રીતે કેમ ગાળે છે પથારીમાં ?

મને વાગ્યા કરે છે ઘાસ ઘરમાં રોજ જંગલનું
હું ઊંઘું છું તો આપોઆપ ઊગે છે પથારીમાં

ઉપાડે છે મને હળવે રહી ખુશબોની આંગળીઓ
બનાવીને મને એક ફૂલ, મૂકે છે પથારીમાં

ગગન જેવું કિરણ નળિયામાં થઇ ઘરમાં પ્રવેશે છે
અને પોતાને છુટ્ટે હાથ વેરે છે પથારીમાં

અગાસીથી કૂદે છે રોજ એક કાળી બિલાડી, ને
'ગયાં છે ક્યાં બધાંયે ?' એમ બબડે છે પથારીમાં

કરે છે કૈંક ટુકડાઓ અવાજો શ્યામ રંગોના
અને ભેગા કરી તેઓને છાંટે છે પથારીમાં

અજાણ્યા હોય તેવા માર્ગમાં દોડે છે રસ્તાઓ
જગાઓ જોઇ લે છે ને પ્રવેશે છે પથારીમાં

થયું શું કે અકારણ શોકની મૂર્તિ સપન મારાં
પહેરી લાલ, લીલા રંગ નાચે છે પથારીમાં



હકીકતથી કંઈ જુદી જ છે આ ક્ષણ અનુભવની
અનેકો ફૂલ ઊગે છે ને ઊડે છે પથારીમાં

બળે છે કોઇની દુનિયા અવિરત તેજ-રાશિથી
આ કેવો દીપ છે કે આમ પ્રગટે છે પથારીમાં ?

કરી લે છે હવે ઉપહાસ મારો આવરણ ઓઠે
મને મારો ચહેરો ખૂબ ચાહે છે પથારીમાં

અડો ના, આમ વાળો ના, પથારી, હાથની માફક
મને બેઠા થઇ તકિયાઓ વાળે છે પથારીમાં

નથી હોતું કોઇ ત્યારેય એ ખાલી નથી હોતી
દીવાલો, ઓરડા, ખંડેર ઊંઘે છે પથારીમાં

હતી જે તેજ જેવી તે થઇ છે કેમ મુજ જેવી ?
તિમિર આંખો ઉઘાડે છે ને નીરખે છે પથારીમાં

હું આળોટું તો આળોટે છે ઝરણાંઓ પહાડોમાં
ને ઊંઘી જાઉં તો શિલાઓ ગબડે છે પથારીમાં

ક્ષણો લંબાય, ટૂંકી થાય કારણના સમર્થનમાં
મેં દુનિયા જોઇ છે તેવી જ જન્મે છે પથારીમાં

અનુભવ થાય છે ત્યારે રડી લઉં છું બીજા માટે
કે મારા હાથ મારો શ્વાસ રૂંધે છે પથારીમાં

હું જાગું છું તો મારી જેમ આખી રાત જાગે છે
ને કંપું છું તો મારી જેમ કંપે છે પથારીમાં

વિચારું છું ને આખી રાત ઝબકું છું અમૂંઝણમાં
હું ઊંઘુ છું કે બીજું કોઈ ઊંઘે છે પથારીમાં ?

બધા ઘોંઘાટ ઘોંઘોંઘાટ ભેગા થાય, છુટ્ટા થાય
પદાર્થો સ્થિર ઝાંખું ઝાંખું ગબડે છે પથારીમાં

હું ઊંઘું છું તે જાણે સાંભળું છું આંખ ખોલીને
અતિશય પાતળું કાળાશ ખખડે છે પથારીમાં

# ૧૯૫૬ થી ૧૯૬૩
# ગઝલો

## ૮૬

એ જ છે મારા પરિચયની કથા
ગા લ ગા ગાગા લગાગાગા લગા

જિંદગી છે દાખલો વ્યવહારનો
પ્રેમ પર આડા ઊભા લીટા થયા

મૂક થઈ ઊભા રહી જોયા કર્યું
મૌન દ્વારા પ્રશ્ન પૂછ્યા સામટા

એમણે મુજ સ્થાન સમજાવી દીધું
આંગળીથી નખ કરીને વેગળા

એમની આંખોથી ઘર ખાલી કરું
કોઈ દર્શાવો મને એવી જગા



## ૮૭

અહીંયાં જ મારા પ્રણયની કબર છે
ખરું ક્હો તમે, આ તમારું જ ઘર છે ?

તમે બેકદર થઈ ગયાં તો હું સમજ્યો
એ મારા સમા માટે સાચી કદર છે

હૃદય મારું માટીનું કૂંડું થયું છે
ફૂલો જેમ એમાં કોઈની નજર છે

સુરાલય પછીથી હું શું કામ શોધું ?
તમે પીધો એની મને પણ અસર છે

મને મારું મન એમ આગળ કરે છે
કે મંઝિલની જાણે કે મુજને ખબર છે !

હવે કોને પોતાના ગણવા કહી દો
અમારી જ સામે અમારું ભીતર છે

મને રોક્યો મંઝિલના દ્વારે જઈ મેં
કે મનમાં રહે : સ્હેજ બાકી સફર છે

## ૮૮

જીવી શકું હું કઇ રીતે તમને સ્મર્યા વગર ?
પાંપણ કદીય રહી શકે મટકું ભર્યા વગર ?

ચાલ્યાં મને ત્યજી તો નવો ખ્યાલ સાંપડ્યો
ડાળી ગુમાવવી પડી ફૂલને ખર્યા વગર

હૈયાની માછલીનો તરફડાટ નહીં જુઓ
આંખોનું પાણી આપનું ખાલી કર્યા વગર

ડૂબી ગયો તો આપનું સાન્નિધ્ય સાંપડ્યું
પાણી ગયું કપાઇ સમંદર તર્યા વગર

મંઝિલ મળી છે એમ કહું તો એ ભ્રમ હશે
પામ્યું નથી કફન અહીં કોઇ મર્યા વગર

દર્શન નયનનાં પામવા દૃષ્ટિ થવું પડે
ખુદને નિહાળી ના શકો દર્પણ ધર્યા વગર



## ૮૯

મિત્રો મળ્યા કે શત્રુ વિચાર્યું નથી અમે
માણસનો માણસાઇની સાથે સંબંધ છે

નિર્ભેળ લાગણીઓ બિચારી થઇ ગઇ
દુનિયાની આંખ એમને જોવાને અંધ છે

અશ્રુઓ હોય તો જ કવિતાને પામશો
નહીંતર કવિનાં દ્વાર ઉઘાડાંય બંધ છે

દુખમાં સુખી ને સુખમાં દુખી રાહ પર મળ્યા
મુજને રડાવવાના જુઓ શા પ્રબંધ છે !

દુનિયાની દુનિયા આખી સમાવી છે એમણે
અણસાર એક એમનો યુગનો નિબંધ છે

## ૯૦

બધાયે પથ્થરો થીજી ગયા છે
અરે, આ કેટલી ઠંડી હવા છે !

એ મારા હાથમાં પ્યાલી બને છે
અહીં એવાય ટુકડાઓ ઘણા છે

પણે તડકો તૂટી વેરઈ ગયો છે
કે મારી આંખ કેરા ટુકડા છે ?

નયનમાં સોણલાં દોડીને આવ્યાં
બગીચા ફૂલ પર છાઈ ગયા છે

દઈ અંધાર કિરણો પાથરે છે
કોઈની ઝુલ્ફમાં એવી કળા છે

ફૂલો દેખાય, પણ સૌરભ મળે ના
ચહેરા ઝાંઝવાંઓના નવા છે

મુસાફર છું હું એવા માર્ગનો કે
વિચારો પણ હવે કાંટા થયા છે



## ૯૧

કોઈની એવી ય સમજણ હોય છે
જે નથી એનું જ કામણ હોય છે

એ નિસાસાનું વજન ક્યાંથી કહું ?
એક મણ ક્યારેક તો કણ હોય છે

જિંદગી આખર સુધી મહેકી રહે
ફૂલ ખીલ્યાં એમ બે ત્રણ હોય છે

કૈંક ફોરાં એ રીતે વરસી ગયાં
કોઈની આંખોમાં શ્રાવણ હોય છે

ફૂલ કે કાંટાઓ બદલાતાં નથી
આપણાં મનનાં જ કારણ હોય છે

## ૯૨

દુખો એવી રીતે સોંપી ગયાં અસ્તિત્વ પોતાનું
અમે મઝધાર થઈ બાંધી દીધું તોફાન દરિયાનું

તને ભૂલી જવા માટે કશું પણ ના રહ્યું અહીંયાં
હવે તો સાવ પાણી પાય છે આખુંય મયખાનું

તિમિર વીતી જતાં આકાશ પણ ના સંઘરે તારા
મને સુખને સમય ક્યાંથી મળે રહેઠાણ દુનિયાનું

ડરાવે છે મને મારો સુકોમળ કંઠ નિર્જનમાં
વધ્યું છે જોર કૈં એવું કશું ચોમેર પડઘાનું

ઝિલાયું એટલું પાણી સુકાતા કંઠને પાયું
ગજું શું હોય એનાથી વધારે એક ખોબાનું ?



## ૯૩

તમે બોલો નહીં એવા જ સ્વરથી
થવું પડશે ઊભા મારે કબરથી

ઘણી બરબાદીઓ મેં જોઈ લીધી
મને બોલાવ ના માસૂમ નજરથી

સુમન છું, બાગ છોડીને જવું ક્યાં ?
વસંતો દોડશે પાછળ ફિકરથી

મને વેરાન ઉપવન ના બતાવો
બધું જોઈને હું આવ્યો છું ઘરથી

ધરા, આકાશ અંધારું જ માગે
ઊઠો સૂરજ, નયનના આ નગરથી

## ૯૪

લોકોનું ઘર સદાય બતાવે છે મારું ઘર
મુજને પરાયા ઘરમાં વસાવે છે મારું ઘર

થાકી જવાય ચાલતાં તો આવજો તમે
મંઝિલથી અડધે અંતરે આવે છે મારું ઘર

તાળું પરાણે તોડી નિરાશા વસી ગઈ
ખંડેરનો આકાર ધરાવે છે મારું ઘર

ઊંચી દીવાલ અંધકારની ચણી લઈ
કિરણોને દૂર દૂર ભગાવે છે મારું ઘર

શ્વાસોનું લોહી ઠંડું બરફ કેમ થઈ શકે
એ જાણવા સમજુઓ બતાવે છે મારું ઘર

પહોંચી જવા કબર સુધી ટેકાની શી જરૂર ?
દફનાવવાનું કામ પતાવે છે મારું ઘર

કાળા પહાડ મારા નયનમાં ઊભા કરી
સરિતાઓ અશ્રુઓની વહાવે છે મારું ઘર



## ૯૫

રાતને અળગી કરે છે કૂકડો
આંખ કિરણોથી ધુએ છે કૂકડો

ત્યાં ગયાં ત્યારે કિરણ શોધી શક્યાં
શ્હેરના ખૂણે વસે છે કૂકડો

કેમ દુનિયામાં બધે અંધાર છે ?
સૂર્યને પ્રશ્નો પૂછે છે કૂકડો

પ્રશ્નના ઉત્તર રૂપે ચારેતરફ
જ્યોત કિરણોની જુએ છે કૂકડો

એક બિંદુ તેજનું પામી જઈ
શિર ઝુકાવીને નમે છે કૂકડો

તિમિર કેરો ભેદ સમજાયા પછી
કંઠને વ્હેતો મૂકે છે કૂકડો

રાત વીતી ગઈ, હવે ઊઠો, નયન !
ઊંડે ઊંડે સાદ દે છે કૂકડો

## ૯૬

સાવ સૂની થઇ ઊભી છે ક્યારની
મારી માફક કોને ઝંખે છે સડક ?

સ્થાન પોતાનું કદી છોડે નહીં
ને બીજાઓને ચલાવે છે સડક

અટકી અટકી અશ્વ ચાલે, ને જુએ
કોણ, આ એડી, કે ખખડે છે સડક ?

કેટલા કોલાહલો જાગી ઊઠે !
શાંત ચિત્તે તોય ઊંઘે છે સડક

મારી સામે મારો પડછાયો ધરી
મારી એકલતાને દોરે છે સડક

આપણી મંઝિલ હવે નિશ્ચિત થઇ
કોઇનાં પગલાં બતાવે છે સડક

ખૂબ ચાલ્યા બાદ દેખાયું મને
હું ઊભો છું ને આ ચાલે છે સડક

# મુક્તકો

## 1

આપને જોયાં હતાં પલવાર મેં
કે નિરાલી જોઈ'તી તલવાર મેં
ભેદ એનો હું નથી પરખી શક્યો
ઘા વિના જોઈ લીધો સંહાર મેં

## 2

નેણ ઢાળીને અમારા દિલ ઉપર કરજો અસર
પ્રેમની વાતો મહીં ચાલી શકે ના કરકસર
હોય છે જયારે વસંતી ઘેનમાં ઘેલું ચમન
તર-બ-તર થઈ પુષ્પ કહે છે : ડંખ દે માદક ભ્રમર!



## 3

આપનું નામ આપ જાણો છો ?
આપનું કામ આપ જાણો છો ?
આંખમાં રંગ ઉડાડ્યો તો છે
એનું પરિણામ આપ જાણો છો ?

## 4

આપ આવ્યાં'તાં; જવું છે ? તો જજો
ને શુભેચ્છા સાથ મુજ લેતાં જજો
(પણ) આંખમાં મારી ન આવે એટલું
આપના ચહેરાને આ કહેતાં જજો

## 5

દિલ તમોને આપતાં આપી દીધું
પામતાં પાછું અમે માપી લીધું
માત્ર એક જ ક્ષણ તમે રાખ્યું છતાં
ચોતરફથી કેટલું કાપી લીધું

## 6

કશીક રાત, કશો આફતાબ બંધ કરું
તમારી આંખનો એક જ જવાબ બંધ કરું
ખરું કહું છું ઉગાડી છે આજ મેં ખુશબો
હૃદયનું દ્વાર—ઉઘાડું ગુલાબ બંધ કરું



## 7

'આવજો' કીધું ન કીધું, સ્હેજમાં ચાલી ગયાં
જિંદગાનીનાં બધાં અરમાન પણ હાલી ગયાં
લઈ ગયાં સર્વસ્વ મારું એ કહું કેવી રીતે ?
આમ તો બે હાથ ખંખેરી દઈ ખાલી ગયાં

## 8

હે ચરણ ! વેરાનમાં પાછાં ફરો
બાગમાં આવ્યા પછી સમજાય છે;
બે જ ડગલાંમાં હૃદય કંપી ઊઠ્યું :
કંટકો વાગે, ફૂલો ચગદાય છે

## 9

મારી સામે જુએ એ પંખીની
આંખમાં ભગ્ન સાંજ ભાળું છું
એ જ સાગર છે એ જ હું પણ છું
બેઠો બેઠો હવા ઉછાળું છું

## 10

દોર આપું દમામ આપું છું
એક મોંઘું ઈનામ આપું છું
હોય દાતારને ફિકર શાની ?
શબ્દનું આખું ગામ આપું છું



## 11

નથી અસ્તિત્વ જેનું એવું કંઈ દેખાય છે જ્યારે
થઈ શકતું નથી તેવું બધું થઈ જાય છે ત્યારે
મને ના પૂછશો કે સાત વાગ્યે હોય છે તેવા
સૂરજના સાત ઘોડા સાત સૂરજ થાય છે ક્યારે?

## 12

એક તારો હતો, ડૂબી જ ગયો
એક આકાશ આથમી જ ગયું
રાત દરિયા સુધી ગઈ ન ગઈ
તે પછી કંઈ જ ના, કશું ન થયું

## 13

કહી શકતો નથી હું સાવ એવું
નથી જોવા મળ્યું દેખાવ જેવું
નથી માણસ નથી પાણી-હલેસાં
તરે છે તોય સામે નાવ જેવું

## 14

અહીં જુઓ અધ્ધર ધોળું છે
પણે જુઓ ભીતર ધોળું છે
મળે નહીં મનગમતું કાળું
દીવાલ ધોળી, ઘર ધોળું છે



## 15

મને હું જોઉં છું ત્યારે કહું છું
હું ક્યાંથી જાઉં છું ક્યાં નીકળું છું
મને પાછળ મૂકીને જાઉં છું તો
મને આગળ ઉપર પાછો મળું છું